			Moti Manvali	,,	-do-
			Bhadraval	,,	Shri B. B. Vala, Ani. Hus. Officer, T.P. Talaja.
			Nesvad	,,	-do-
			Uchadi	,,	Shri R. M. Rajyaguru, Edu. Insp. (Adm.) ,,
			Pavthi	,,	Shri R. B. Rajyaguru, ,, ,,
			Shobhavad	,,	Shri K. L. Rathod, Gramsevak, Dadha Group.
			Jalvadar	,,	-do-
			Padargadh	,,	Shri M. P. Khimsuriya, Gramsevak.
			Ralgon	,,	-do-
			Gorkhi	,,	Shri C. K. Nathani, Gramsevak, Timana
			Bapda	,,	-do-
			Ambala	,,	Shri B. B. Shelana, E.O. (Credit) T. P. Talaja.
			Nichadi	,,	-do-
			Dikna	,,	Shri J. J. Saravia, Gramsevak, Pithalpur
			Sikhavadar	,,	-do-
			Khadadror	,,	Shri B. S. Goshi, Gramsevak, Trapaj Group
			Bharapara	,,	-do-
		Savarkundla	Vijaynagar	,,	Shri P. C. Bhatti, ATDO, T. P. Savarkundla.
			Bhenkra	,,	Shri P. C. Bhatti, ATDO, T. P. Savarkundla
			Jabala	,,	-do-
			Dhajadi	,,	-do-
Bhavnagar	Savarkundla		Mitiyala	22-11-96	Shri R. D. Vala, E. O. (Co-op)
			Giniya-Bagoya.	,,	-do-
			Khodiyana	,,	-do-
			Thordi	,,	-do-
			Ramgadh	,,	Shri J. G. Parmar, E.O. Panchayat, T. P. S. Kundla.
			Madhada	,,	-do-

INDEX

1	2	3	4	5	6
Bhavnagar	Savrskundla	Bhokarva	22-11-96		Shri J. G. Parmar, E.O. Panchayat, T. P. S. Kundla
		Dedhiya	,,		-do-
		Hadhmi	,,		Shri B. H. Vaghela, E.O. (Credit.)
		Juna Savar	,,		-do-
		Fifad	,,		-do-
		Mekda	,,		-do-
		Ghobo	,,		-do-
		Mota Phamodra	,,		-do-
		Hipavadi	,,		Shri J. R. Barmat, S.I. Vanda.
		Kotrodi	,,		-do-
		Pipavadi	,,		-do-
		Drevad	,,		Shri Manubhai Mulani, S. I. Savarkundla
		Nana Zinzuda	,,		-do-
		Bhuva	,,		-do-
		Khadakla	,,		-do-
Kheda	Borsad	Chuvo	23-11-96		Shri A. A. Patel, E.O. (Co-op) T. P. Borsad.
	Kapadwanj	Amera	24-11-96		Shri F. D. Chauhan, Gramsevak, IRD T. P. Kapadvanj
		Aral	,,		Shri C. K. Patel, Gramsevak, IRD Chipai,
		Kaniyal	,,		Shri B. K. Khokhar, Gramsevak, IRD Torna, ,,
Kheda	Kapadwanj	Kakarkhad	24-11-96		Shri H. P. Zala, Gramsevak, IRD Charved , T. P. Kapadwanj.
		Khadal	,,		Shri K. T. Chavda, Gramsevak, IRD Khadal, T.P. Kapadwanj.
		Chikhalod	,,		Shri A. C. Valand, Gramsevak, IRD, Vadol, T. P. Kapadwanj.
		Dantali	,,		Shri A. G. Diwan, Gramsevak IRD, Vadali, T. P. Kapadwanj.
		Navagam	,,		Shri D. P. Bariya, Gramsevak, IRD, Kapadwanj, T.P. Kapadwanj.
		Porda Bhatera	,,		Shri S. K. Parmar, Gramsevak, IRD Kathalal, T.P. Kapadwanj.
		Punadara	,,		Shri R. R. Parmar, Gramsevak, IRD, Attarsumba T. P. Kapadwanj.
		Bagadol	,,		Shri A. P. Chauhan, Gramsevak, IRD, Pithali, T. P. Kapadwanj.
		Mal Itadi Pagi-Bhag.	,,		Shri M. M. Bhil, S. I. Antisar, T. P. Kapadwanj.
		Mudel Ratanpur	,,		Shri S. T. Ninama, S. I. Atarsumba. T. P. Kapadwanj.
		Later	,,		Shri A. G. Diwan, Gramsevak IRD Vadali, T. P. Kapadwanj.
		Vadol	,,		Shri A. C. Valand, Gramsevak, IRD, Vadol T. P. Kapadwanj.
		Savali	,,		Shri H. M. Patel, Gramsevak, IRD Savali T. P. Kapadvanj.
		Gaucherna Muvada.	,,		Shri H. K. Chauhan, Gramsevak IRD, Telnar, T. P. Kapadwanj.
		Betavada	,,		Shri V. D. Parmar, Gramsevak IRD, Telnar, T P. Kapadwanj
		Bhatera	,,		Shri S. K. Parmar, Gramsevak IRD, Kathalal T. P. Kapadwanj.

INDEX

1	2	3	4	5	6
Kheda	Kapadwanj	Vagajipur	24-11-96		Shri A. M. Patel, Gramsevak, IRD, Vagajipur T. P. Kapadwanj.
		Bhungaliya	,,		Shri D. M. Vankar, Gramsevak IRD, Vyasvasana T. P. Kapadwanj
		Ghauaa	,,		Shri K. M. Zala, Nirikshak Adhikari (Edu.) T. P. Kapadwanj.
		Fagwel	,,		Shri H. P. Parmar, Gramsevak IRD, Lsaundra T. P. Kapadwanj.
Jamnagar	Khambhalia	Vishotrikatha	,,		Shri N. D. Jadeja, Edu. Inspector (Adm.)
		Kotadiya	25-11-96		Shri B. H. Joshi, E.O. (Loan) T.P. Khambhalia.
	Jamjodhpur	Rabarika	,,		Shri K. H. Makwana, Edu. Insp. (Adm .) T. P. Jamjodhpur.
		Kotda-Bavishi	,,		Shri K. P. Chavda, E.O. (Panchayat) T. P. Jamjodhpur.
		Bavdidad	,,		Shri N. J. Kansagara, E. O. (Co-op.) T. P. Jamjodhpur.
Jamnagar	Kalyanpur	Sidsara	,,		Shri D. T. Nakum, Edu. Insp. T.P. Kalyanpur
		Manpara Devaliya	,,		Shri N. L. Charaniya, E.O. (Panchayat)
	Dwarka	Korada	,,		Shri M. P. Bhatt, E.O. (Panchayat) T. P. Dwarka
	Bhanvad	Kalavad-Re-ta--Kantolia	,,		Shri D. R. Pandya, E. O. (Panchayat) T. P. Bhanvad
		Mota Kalavad	,,		—do—
		Mokhana	,,		Shri A. P. Gohil, E. O. (co-op.) T. P. Bhanvad
		Jam Roxivad	,,		Shri D. R. Pandya, E. O. (Panchayat)
Amreli	Dhari	Jar	,,		Shri J. T. Desani, C.I. T.P. Dhari.
		Khabhaliya	,,		—do—
	Khambha	Bhaniya	26-11-96		Shri B. D. Dodiya, E.O. (co-op.) T. P. Khambha
		Umriya	,,		—do—
		Nanudi	,,		Shri M. M. Siroya, T.P.O. T. P. Khambha.
Jamnagar	Khambhalia	Zankashiya	,,		Shri G. N. Dhakan, E.O. (Panchayat) T. P. Khambhalia.
	Kalyanpur	Gaga	,,		Shri J. K. Solanki, C.I.T.P. Kalyanpur
		Dudhiya	,,		Shri P.V. Detroja, C.I. ,,
		Peneli	,,		Shri N. S. Rao, E.O.(Co-op.) T. P. Kalyanpur.
Junagadh	Ranavav	Nerana	,,		Shri K. C. Rajapara, S. A., T. P. Ranavav.
Panchmahal	Kalol	Kharssliya	,,		Shri B. J. Rathod, S.A.C. T.P. Kalol.
		Sureli	,,		—do—
		Nadarkha	,,		Shri R. M. Gajjar, Education Inspector Taluka Panchayat Kalol
		Chalali	,,		—do—

INDEX

1	2	3	4	5	6
Panchmahal	Kalol	Eral	27-11-96		Shri C. D. Baria, I/c T.P.O., Taluka Panchayat Kalol.
Jamnagar	Jamnagar	Konza	,,		Shri K. P. Purohit, Edu. Inspector, Taluka Panchayat Jamnagar.
Junagadh	Mangrol	Sarsali	,,		S. G. Yagnik, E. O. (Panchayat) Taluka Panchayat. Mangrol
Bharuch	Jamnagar	Runad	,,		Shri R. B. Patel, Sr. Clerk (Edu,) Taluka Panchayat Jamnagar.
S. K.	Bayad	Jalampura	27-11-96		Shri A. R. Patel, Gramsevak, Sathamba, T. P. Bayad.
		Choila	,,		Shri R. D. Trivedi, E.O. (Panchayat) T. P. Bayad.
		Hathipura	,,		Shri A. R. Patel, Gramsevak, Sathambha, ,,
		Amiyapur	,,		Shri B. B. Patel, Gramsevak, Aambaliyara ,,
		Tenpur	,,		Shri R. D. Trivedi, E.O.(Panchayat), ,,
		Haripura Kampa	,,		—do—
	Modasa	Faredi	,,		Shri V. M. Shah, E.O.(Panchayat), T.P. Modasa.
		Volva	,,		Shri D. N. Solanki, E.O.(Co-op.) ,,
		Shinvad	,,		Shri V. B. Chauhan, Taluka Kelvani Nirikshak, T.P. Modasa.
		Shika	,,		Shri J. M. Shah, Dy. TDO. T.P. Modasa
	Meghraj	Navagam(E)	27-11-96		Shri N. M. Tarar Ta. Kelavani Nirikshak, T.P. Meghraj.
		Chhitadara	,,		Shri N. R. Kalasava, Panchayat C.I., Kasana, T.P. Meghraj.
		Dhandhiya	,,		Shri K. V. Suthar, ATDO, T.P. Meghraj.
	Bayad	Ramas	26-11-96		Shri M. B. Patel, Gramsevak, Cholia, T.P. Bayad.
		Dakhaneshwar	,,		Shri M. N. Baraiya, Gramsevak, Bayad T.P. Bayad.
		Odha	,,		Shri B. G. Chauhan, Gramsevak, Gabat, T.P. Bayad.
		Pipodara	,,		—do—
		Chhabha	,,		Shri M. A. Patel. Gramsevak, Demai, T.P. Bayad.
		Rupnagar	,,		Shri M. K. Panchal, Dy. Acctt. (Rural Dev.) T.P. Bayad.
		Vasadara	,,		Shri M. D. Patel, Gramsevak, Radodara T.P. Bayad.
		Vantadasuka	,,		Shri S. B. Patel, Gramsevak, Dhamaniya, T.P. Bayad.
		Alava	,,		Shri A. C. Brahmbhatt, S.A. T.P. Bayad.
Valsad	Navsari	Kanbad	,,		Shri I. T. Purohit, Gramsevak (Benor) Pardi (Sarpor) Ta. Navsari.

INDEX

1	2	3	4	5	6
Bharuch	Hansot	Mangrol	28-11-96	Shri V. C. Vasava, C.I. T.P. Hansot.
Junagadh	Kutiyana	Pashali	,,	Shri M. D. Pandya, E.O. (Panchayat) T.P. Kutiyana.
Panchmahal	Kalol	Choradungri	,,	Shri B. J. Rathod, S.A.C., Taluka Panchayat Kalol
Amreli	Dhari	Parabadi	,,	Shri S. H. Bhatt, E. O. (Panchayat) Taluka Panchayat Dhari
Junagadh	Veraval	Pransli	29-11-96	Shri K. R. Gosai, E. O. (Agri.) Taluka Panchayat Veraval
Panchmahal	Kalol	Derol	,,	Shri R. M. Gajjar, Education Inspector, Taluka Panchayat Kalol
B. K.	Santalpur	Datrana	,,	Shri L. D. Gadhavi, C.I. Vadal Taluka Panchayat Santalpur
Sabarkantha	Bayad	Aamodara	,,	Shri V. B. Thakor, Dy. Acctt. Taluka Panchayat Bayad.
		Patel na Movada	,,	—do—
		Badarpura	,,	Shri M. K. Panchal, Dy. Acctt. (Rural Development) Taluka Panchayat Bayad.
		Simli	,,	Shri A. C. Brahmbhatt, S. A. Taluka Panchayat Bayad.
		Mota Lalpur	,,	Shri M. D. Patel, Gramsevak, Radodara, Taluka Panchayat Bayad.
Panchmahals	D'Baria	Velkotar	30-11 96	Shri K. F. Rathva, C.I. (Panchayat) Rajgadh Taluka Panchayat D'Baria
		Zoz	,,	—do—
		Zabiya	,,	Shri R. P. Harijan, C. I. (Panchayat) D' Baria, Taluka Panchayat
		Nani khajuri	,,	—do—
		Piplod	,,	Shri B. M. Kaka, E. O. (Co-op.) Taluka Panchayat D' Baria.
		Saliya	,,	Shri H. D. Shorathiya, E. O. (Agri.) Taluka Panchayat D' Baria.
	Santrampur	Doli	,,	Shri V. K. Damor, T.P.O., Taluka Panchayat Santrampur.
		Falava	,,	—do—
		Dungar	,,	Shri R. V. Parmar, S. A. Taluka Panchayat Santrampur.
		Bhamari	,,	—do—
		Bhanasimal	,,	—do—
		Motanatava	,,	Shri L. V. Muniya, A.T.D.O., (Rev.) Taluka Panchayat Santrampur.
		Lakhanpur	,,	—do—
		Amdara	,,	—do—

INDEX

1	2	3	4	5	6
Panchmahals	Santrampur	Ladpur		30-11-96	Shri D. K. Damor, E. O.(Co-op.) Taluka Panchayat Santrampur.
		Sarasava (N) Old.		,,	—do—
		Barela		,,	Shri M. D. Damor, Dy. Mamlatdar (Tribal) Taluka Panchayat Santrampur
		Hirapur		,,	—do—
		Motikyar		,,	Shri V. B. Bamaniya, ATDO (Adm.) Taluka Panchayat Santrampur
		Ukhareli		,,	—do—
		Gothib		,,	—do—
		Motirel (E)		,,	Shri K. P. Kalasva, Edu. Inspector. Taluka Panchayat Santrampur
		Salara		,,	Shri K. P. Kalasva, Edu. Inspector Taluka Panchayat Santrampur
	Dahod	Raliyati		,,	Shri V. B. Parmar, Dy. T.D.O., Taluka Panchayat Dahod.
		Usarvan		,,	—do—
		Tunki Vaju		,,	Shri K. A. Saiyed, ATDO, Taluka Panchayat Dahod
		Bhutodi		,,	Shri C. M. Roz, ATDO, T. Panchayat Dahod.
		Rajpur		,,	—do—
		Timarda		,,	Shri F. S. Meda, Edu. Inspector, Taluka Panchayat Dahod
		Meenakyar		,,	Shri N. R. Desai, S. A. Taluka Panchayat Dahod
	Limkheda	Manli		,,	Shri R. B. Parmar, Dy. TDO, Taluka Panchayat Limkheda.
		Mota Rambliya		,,	—do—
		Polisimal		,,	—do—
		Rai		,,	Shri N. Z. Muniya, ATDO, Taluka Panchayat Limkheda
		Methan		,,	—do—
		Chilakota		,,	Shri Z. N. Bhabhor, TPO, Taluka Panchayat Limkheda
		Vasiadungri		,,	—do—
		Pada		,,	—do—
		Bar		,,	Shri D. P. Patel, S. A., Taluka Panchayat Limkheda
		Vadela		,,	—do—
Panchamahals	Limkheda	Paniya		,,	Shri H. S. Taviyad, E. O. (Co-op.) Taluka Panchayat Limkheda
		Bhuvero		,,	—do—
		Agara (V)		,,	Shri N. P. Patel, E.O. (Agri.) Taluka Panchayat Limkheda
		Lunawada		,,	—do—
Bhavnagar	Gadhada	Raypur		,,	Shri G. K. Saravia, Sr. Clerk, Taluka Panchayat Gadhada.
		Chosla		,,	—do—

INDEX

1	2	3	4	5	6
Bhavnagar	Umarala		Hadmtala	30-11-96	Shri J. M. Dave, Dy. Acctt. Taluka Panchayat Umarala
			Timba	,,	Shri D. B. Makwana Sr. Clerk T.P. Umarala
		Palitana	Manvad	,,	Shri M. R. Kamdar, E. O. (stat.) Taluka Panchayat Palitana.
			Motisri	,,	Shri D. N. Charan, E. O. (Co-op.) T.P. Palitana
		Gariyadhar	Panchtobra	,,	Shri M. N. Kakadia, E. O. (co-op.) Taluka Panchayat Gariyadhar.
			Shivendranagr	,,	—do—
			Samadhiyala	,,	—do—
			Mota Charodia	,,	Shri M. K. Vasiya, E.O. Panchayat Taluka Panchayat Gariyadhar
			Bhandariya	,,	—do—
			Manguka	,,	—do—
			Ganeshgadh	,,	Shri R. B. Patel, Edu. Ins. (Adm.) Taluka Panchayat Gariyadhar.
			Rupavati	,,	—do—
		Gadhada	Libalia	,,	Shri S. V. Mory, E. O. V. P. Gadhada.
			Samadhiyala	,,	—do—
			Bodki	,,	Shri R. N. Pathan, ATDO, Gadhada
			Ghogha Samadhiyala	,,	—do—
			Medhavadia	,,	—do—
			Chobadia	,,	Shri D. D. Vaghela, E. O. Statistical
			Madva	,,	—do—
			Rajpipala-Prahladgadh	,,	Shri D. N. Jadwani, Sr. Clerk IRD.
Bhavnagar		Gadhada	Dhrufania	,,	Shri D. N. Jadwani, Sr. Clerk IRD.
			Derala	,,	—do—
Bharuch		Dediyapada	Umaran	,,	Shri B. T. Patel, Kelavani Nirikshak (Adm.)
			Soliya	,,	Shri R. S. Vasava, Circle Inspector.
Surat		Songadh	Ukai	,,	Shri C. R. Chaudhari, T.P.O. Taluka Panchayat, Songadh.
			Amba	,,	Shri R. M. Chaudhari, S. A. Taluka Panchayat Songadh.
Rajkot		Jetpur	Jambudi	,,	Shri J. D. Kanani, C.I. Taluka Panchayat Jetpur.

By order and in the name of the Governor of Gujarat,

K. D. HADIAL,
Section Officer.

GOVERNMENT CENTRAL PRESS GANDHINAGAR

INDEX

Extra No. 129 REGISTERED NO. G/GNRA

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol.XXXVII] MONDAY, NOVEMBER 4, 1996/KARTIKA 13, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART I-A

CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

PANCHAYATS AND RURAL HOUSING DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar, 4th November, 1996.

THE CONSTITUTION OF INDIA.

No. KP/69 of 1996/GFC-1094/3717-J.—WHEREAS in pursuance of the provisions of Article 243-I and 243-Y of the Constitution of India and as per the provisions of section 226 of the Gujarat Panchayats Act, 1993 (Guj. Act No. 18 of 1993), the Government of Gujarat has constituted the Gujarat Finance Commission vide Government Notification Panchayats and Rural Housing Department No. KP/217 of 1994/FLC-1094/1589/J, dated the 15th September 1994 to review the financial position of the Panchayats and Municipalities and to make recommendations in this regards and the term of which has been last extended upto the 31st December, 1996, vide Government Notification Panchayats and Rural Housing Department No. KP/89 of 1996/GFC-1094/2067-J, dated the 1st July, 1996;

AND, WHEREAS, an Acting Chairman of the Finance Commission has been appointed and they have started functioning;

AND, WHEREAS the part-time members of the commission are attending the district level meeting organised by the Commission;

AND, WHEREAS, the functions of the Finance Commission are yet to the completed and the Finance Commission has to take important decisions for preparing its report;

INDEX

AND, WHEREAS, the full strength of the Commission is necessary to take such important decision

AND, WHEREAS, the terms of the part-time members of the Commission is to be extended upto the terms of the Commission;

AND, WHEREAS, the Governor of Gujarat is satisfied that it is necessary to extend the terms of the part-time members of the Commissions upto the terms of the Commission;

NOW, THEREFORE, in pursuance of the provisions of Articles 243-I and 243-Y of the Constitution of India and in exercise of the powers conferred by section 223 of the Gujarat Panchayats Act, 1993, the Governor of Gujarat, hereby—

Extends the terms of the part-time members of the Finance Commission upto the terms of the Finance Commission i.e. 31st December, 1996.

By order and in the name of the Governor of Gujarat,

NARAYAN V. MODI,
Joint Secretary to Government.

GOVERNMENT CENTRAL PRESS. GANDHINAGAR

INDEX

Extra No. 130 REGISTERED NO. G/GNSA

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] WEDNESDAY, NOVEMBER 6, 1996/KARTIKA 15, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—I-A

CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૬.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૬ની કલમ ૪૭નો પરંતુક (૧) (૨).

નં. : કે.વી./૧૮૧ ઓફ ૧૯૯૬/નપમ/૧૦૯૬/૫૬૯૦/૨—બોટાદ નગરપાલિકામાં નાયબ મામલતદાર રેવન્યુ બોટાદને ચીફ ઓફીસર તરીકે હંગામી ધોરણે ચાર્જ સુપ્રત કરવામાં આવેલ હતો.

કલેકટરશ્રી ભાવનગર દ્વારા બોટાદ નગરપાલિકાના ચીફ ઓફિસરનો ચાર્જ શ્રી બી. બી. ભટ્ટ, મામલતદાર બોટાદને સોંપવા દરખાસ્ત થતાં હવે શ્રી બી. બી. ભટ્ટ મામલતદાર બોટાદને ચાર્જ સુપરત કરવામાં આવે તે તારીખથી બોટાદ નગરપાલિકાના ચીફ ઓફીસરનો હવાલો આથી સુપ્રત કરવામાં આવે છે. શ્રી ભટ્ટ નિયમાનુસાર ચાર્જ એલાઉન્સ મેળવવાને પાત્ર રહેશે અને આ અંગેનો ખર્ચ નગરપાલિકાએ ભોગવવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. એ. નાગોરી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 131 REGISTERED NO. G/GNR/4

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIIJ WEDNESDAY, NOVEMBER 20, 1996/KARTIKA 29, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—I-A

CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૫મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/સન ૧૯૯૫નો ૧૩૫/પીઆરઓન/૧૦૯૪/૧૬૧૩ જે.— ગુજરાત પંચાયત (જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીઓ રજા મંજૂર કરવાની સત્તા) બાબતના નિયમો, ૧૯૯૫ ઘડતા નિયમોનો અમુક મુસદ્દો, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સને ૧૯૯૩ ના ગુજરાતના ૧૮મા)ની કલમો ૧૩૭ ની પેટા કલમ (૨) ના ખંડ (ક) ના પેટા ખંડ (૩) અને ૧૬૨ સાથે વાંચતા કલમ ૨૭૪ ની પેટા કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૪ના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૪ નો ૧૮૯/પીઆરઓન/૧૦૯૪/૧૧૮૮/જે હેઠળ તારીખ ૨૬ની જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ ૧અ ના પાના ૧૮ અને ૧૯ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૨૫મી ઓગષ્ટ, ૧૯૯૪ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

અને, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં સરકારને, લોકો તરફથી કોઈ વાંધા અને સૂચનો મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩, (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમો ૧૩૭ની પેટા કલમ (૨) ના ખંડ (ક)ના પેટા ખંડ (૩) અને ૧૬૨ સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે :—

INDEX

૧. ટુકી સંજ્ઞા.— આ નિયમો ગુજરાત પંચાયત (જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી, એ રજા મંજુર કરવાની સત્તા બાબતના નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. વ્યાખ્યાઓ :— આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો—

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

(ખ) "કલમ" એટલે અધિનિયમની કલમ.

૩. જિલ્લા વિકાસ અધિકારીએ રજા મંજૂર કરવા બાબત.— (૧) જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત હેઠળ હોદ્દો ધરાવતા કોઈપણ અધિકારીની ચાર મહિનાથી વધુ નહિ તેટલી મુદત માટેની ગેરહાજરીની રજા, કલમ ૧૬૨ની પેટા કલમ (૨)ના ખંડ (ક)ના પેટા ખંડ (૩) હેઠળ મંજૂર કરી શકશે.

(૨) જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયતની હકૂમતના વિસ્તારમાં આવેલી તાલુકા પંચાયત હેઠળ નિમાયેલા તાલુકા વિકાસ અધિકારી અને પ્રોજેક્ટ અધિકારી સહ તાલુકા વિકાસ અધિકારીની ચાર મહિનાથી વધુ નહિ તેટલી મુદત માટેની ગેરહાજરીની રજા પણ મંજૂર કરી શકશે.

૪. તાલુકા વિકાસ અધિકારીએ રજા મંજૂર કરવા બાબત.— તાલુકા વિકાસ અધિકારી, કલમ ૧૩૭ની પેટા કલમ (૨)ના ખંડ (ક) પેટાખંડ (૩) હેઠળ, તાલુકા પંચાયત હેઠળ હોદ્દો ધરાવતા કોઈપણ અધિકારીની બે મહિનાથી વધુ નહિ તેટલી મુદત માટેની ગેરહાજરીની રજા મંજૂર કરી શકશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આઈ. એન. પરમાર,
સરકારના ઉપસચિવ.

———

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 132 REGISTERED NO. G/CNR/

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol.XXXVII] WEDNESDAY, NOVEMBER 20, 1996/KARTIKA 29, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART I-A

CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૫મી ઓગષ્ટ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/સન ૧૯૯૫નો ૧૩૬/પીઆરએન/૧૮૯૪/૧૬૧૯,જે.— ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (તાલુકા અને જિલ્લા ફંડની સંભાળ) બાબતના નિયમો, ૧૯૯૫ ઘડતા નિયમોના અમુક મુસદ્દો, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૧૩૫ અને કલમ ૧૫૯ સાથે વાંચતાં, કલમ ૨૭૪ની પેટા કલમ (૫) થી ઠરાવ્યા પ્રમાણે, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી માર્ચ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/ ૧૯૯૫નો ૩૫/પીઆરએન/૧૮૯૪/૪૧૫-જે હેઠળ તારીખ ૨જી માર્ચ, ૧૯૯૫ ના ગુજરાત રાજપત્ર ભાગ-૧એ ના પાના ૮ અને ૯ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૫ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

અને, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં સરકારને, લોકો તરફથી કોઈ વાંધા અને સૂચનો મળ્યા નથી,

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૧૩૫ અને કલમ ૧૫૯ સાથે વાંચતા, કલમ-૨૭૪ની પેટા કલમ (૫) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:—

૧. **ટૂંકી સંજ્ઞા.**— આ નિયમો 'ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (તાલુકા અને જિલ્લા ફંડની સંભાળ) બાબતના નિયમો, ૧૯૯૫' કહેવાશે.

INDEX

૨. વ્યાખ્યા. – આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત, ન હોય તો :—

(૧) "અધિનિયમ" એટલે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩;
(૨) "કલમ" એટલે અધિનિયમની કલમ ;
(૩) "પંચાયત" એટલે, તાલુકા પંચાયત અથવા યથાપ્રસંગ જિલ્લા પંચાયત;
(૪) "સેક્રેટરી" એટલે, તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી; અથવા યથાપ્રસંગ જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારી;
(૫) "ફંડ" એટલે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમો ૧૩૪ અને ૧૫૮ હેઠળ રચાયેલ તાલુકા ફંડ અથવા યથાપ્રસંગ જિલ્લા ફંડ.

૩. તાલુકા ફંડ અને જિલ્લા ફંડ, કલમ ૨૧૮ની જોગવાઈઓ અનુસાર ચૂકવેલ જમીન મહેસૂલ ગ્રાન્ટ અને કલમ ૧૭૧ અથવા યથાપ્રસંગ કલમ ૧૭૬ની જોગવાઈઓ અનુસાર ચૂકવેલ અન્ય ગ્રાન્ટનું બનશે.

૪(૧) તાલુકા પંચાયત અથવા યથાપ્રસંગ જિલ્લા પંચાયત, પોતાના સેક્રેટરીને, ચાલુ ખર્ચને પહોંચી વળવા માટે આવી પંચાયત દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવે તેટલી કાયમી પેશગીની રકમ રાખવાની છૂટ આપી શકશે.

(૨) પેટા નિયમ (૧)ની જોગવાઈઓને આધીન રહીને, તાલુકા અને જિલ્લા પંચાયત ફંડની બાકી રહેલી તમામ રકમ, તાલુકા પંચાયતે અને જિલ્લા પંચાયતે, તાલુકા વિકાસ અધિકારી અથવા યથાપ્રસંગ જિલ્લા વિકાસ અધિકારીના અંગત ખાતાવહીના ખાતામાં જમા કરીને સરકારી તિજોરીમાં અનામત તરીકે મૂકવી જોઈશે. આ વી રીતે અનામત મૂકેલી રકમમાંથી, જુદા જુદા હેતુઓ માટેની ચૂકવણી માટે ખરેખર જરૂરી રકમને, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના અંગત ખાતાવહીના ખાતામાં રાખવી જોઈશે અને બાકી રહેલ રકમનું મુદતી થાપણો તરીકે સરકારમાં રોકાણ કરવું જોઈશે.

(૩) રાજ્ય સરકારની પૂર્વમંજૂરીથી અથવા તે હેતુ માટે રાજ્ય સરકારે કરી શકે તેવા કોઈ ખાસ હુકમથી, તાલુકા અથવા જિલ્લા પંચાયત, ફંડનો આવો ભાગ પંચાયતના નામે જાહેર જામીનગીરીઓમાં રોકી શકશે અને જરૂરિયાત પ્રમાણે આવી જામીનગીરીઓનો વખતોવખત નિકાલ કરી શકશે.

સ્પષ્ટીકરણ.— આ નિયમોના હેતુ માટે, "જાહેર જામીનગીરીઓ" એટલે—

(ક) કેન્દ્ર સરકારની અથવા કોઈ રાજ્ય સરકારની જામીનગીરીઓ, અથવા

(ખ) કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારે, જેના પર વ્યાજ માટે બાંહેધરી આપી હોય તેવી જામીનગીરીઓ, સ્ટોક, ડિબેન્ચરો અથવા શેર; અથવા

(ગ) તે સમયે અમલમાં હોય તેવા કોઈ અધિનિયમથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત રાજ્યના કોઈ સત્તા મંડળે અથવા તેના વતી કાઢેલ ડિબેન્ચરો અથવા નાણાં માટેની બીજી જામીનગીરીઓ; અથવા

(ઘ) રાજ્ય સરકાર આ અર્થે કરી શકે તેવા કોઈ હુકમથી સ્પષ્ટ રીતે અધિકૃત કરેલી જામીનગીરીઓ.

૫. ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (તાલુકા અને જિલ્લા ફંડની સંભાળ) બાબતના નિયમો, ૧૯૬૩ આથી રદ કરવામાં આવે છે.


ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આઈ. એન. પરમાર,
સરકારના ઉપ-સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 133 REGISTERED NO. GGN/[illegible]



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol.XXXVII] WEDNESDAY, NOVEMBER 20, 1996/KARTIKA 29, 1918

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-A

CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/સન ૧૯૯૫નો ૧૩૮/પીઆરએન-૧૦૯૪/૧૬૧૪/જે:—ગુજરાત પંચાયતોને લોન આપવા બાબતના નિયમો, ૧૯૯૫ ઘડતા નિયમોનો અમુક મુસદ્દો, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૫૫ ની પેટા-કલમ (૪) સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૫) થી ઠરાવ્યા પ્રમાણે તારીખ ૧૩મી માર્ચ, ૧૯૯૫ના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૩૧/પીઆરએન-૧૦૯૪-૪૯૩-જે, હેઠળ તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૫નાં ગુજરાત રાજ્યપત્ર, ભાગ--૧--એ ના પાના ૧૦ થી ૧૪ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓ પાસેથી તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૫ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઈ વાંધા અને સૂચનો મળ્યા નથી ;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૫૫ની પેટા--કલમ (૪) સાથે વાંચતા, કલમ ૨૭૪ ની પેટા--કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે, એટલે કે ;—

૧. ટુંકી સંજ્ઞા : આ નિયમો ગુજરાતની પંચાયતોને લોન આપવા બાબતના નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. વ્યાખ્યાઓ : આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો :—

(૧) "અધિનિયમ" એટલે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩;

(૨) "સરકારી લોન" એટલે રાજ્ય સરકારના ફંડમાંથી લીધેલ લોન ;

INDEX

(૩) "આવક" એટલે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩માં ઠરાવ્યા પ્રમાણેના તમામ સાધનોમાંથી થતી, પંચાયતોની આવક અને તેમાં, સરકારી ગ્રાન્ટોનો સમાવેશ થાય છે.

(૪) "લોન" એટલે આ નિયમો હેઠળ આપેલી, લીધેલી અથવા ઊભી કરેલી લોન ;

(૫) "બિન સરકારી લોન" એટલે રાજ્ય સરકારના ફંડમાંથી હોય તે સિવાય અન્યથા ઊભી કરેલી લોન :—

(૬) "પંચાયત" એટલે યથા પ્રસંગ, કોઈ ગ્રામ પંચાયત, કોઈ તાલુકા પંચાયત અથવા કોઈ જિલ્લા પંચાયત ;

(૭) "લોનની મુદત" જે તારીખે લોન પુરેપુરી આપવામાં આવે, લેવામાં આવે અથવા ઊભી કરવામાં આવે તે તારીખ અને જે તારીખે તે પુરેપુરી પાછી ભરી આપવામાં આવે તે તારીખ વચ્ચે વીતેલી મુદત ;

૩. કયા હેતુ માટે લોન ઊભી કરી શકાશે તે બાબત :—પંચાયત પોતાના ફંડના તારણ પર, નીચેના હેતુઓ પૈકી કોઈપણ હેતુ માટે લોન ઊભી કરી શકશે, એટલે કે :—

(૧) અધિનિયમ હેઠળ જે કાર્યો કરવાનો તેને કાયદેસર અધિકાર આપ્યો હોય તે કોઈ કાર્યો કરવા માટે ;

(૨) દુષ્કાળ અથવા અછતના સમયે રાહત આપવા અને રાહત કાર્યો શરૂ કરવા અને ચાલુ રાખવા માટે;

૪. નાણાં ઉછીના લેવાની સત્તાની મર્યાદા :— પંચાયતે ઊભી કરેલી લોનની કુલ રકમ, છેલ્લા ત્રણ વર્ષની પંચાયતની સરેરાશ વાર્ષિક આવકની પાંચ ગણી રકમ કરતાં કોઈપણ સમયે વધવી જોઈએ નહિ ;

પરંતુ ગામ પંચાયત, ગ્રામ વીજળીકરણ કાર્યક્રમ હેઠળ પોતાની હકૂમતની અંદરના વિસ્તારોના વીજળીકરણ માટે, રૂા. ૫૦,૦૦૦/- (રૂપિયા પચાસ હજાર પુરા) સુધીની લોન ઊભી કરી શકશે.

૫. લોન માટેની અરજી : (૧) પંચાયત, રાજ્ય સરકાર પાસેથી લોન લેવા માંગતી હોય અથવા લોકો પાસેથી લોન ઊભી કરવા માંગતી હોય ત્યારે તેણે તે મતલબનો ઠરાવ પસાર કરવો જોઈશે અને રાજ્ય સરકારને અરજી રજૂ કરવી જોઈશે.

(૨) આવી અરજી કરતી પંચાયત, ગામ પંચાયત હોય, ત્યારે તેણે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત મારફત અરજી રજૂ કરવી જોઈશે અને જ્યારે તે તાલુકા પંચાયત હોય ત્યારે તેણે જિલ્લા પંચાયત મારફત અરજી રજૂ કરવી જોઈશે.

(૩) અરજીમાં નીચેની વિગતો હોવી જોઈશે :—

(૧) કયા હેતુ માટે લોન જોઈએ છે તે હેતુ :—

(૨) કેટલી રકમ ઊભી કરવા ધાર્યું છે તે ;—

(૩) જે ફંડના તારણ પર લોન ઊભી કરવા ધાર્યું હોય તે ફંડ ;

(૪) જે કાયદા હેઠળ સદરહુ ફંડ એકઠું કરેલું હોય, મેળવેલું અથવા રાખેલું હોય તે કાયદો ;

(૫) કઈ તારીખો દરમિયાન નાણાં ઊભાં કરવાના છે તે અને જ્યારે લોન હપ્તામાં ઊભી કરવા ધાર્યું હોય ત્યારે દરેક હપ્તાની રકમ, કઈ તારીખો દરમિયાન પહેલો હપ્તો કાઢવાનો અથવા ઊભો કરવાનો છે તે, અને કયા વર્ષોમાં અન્ય હપ્તા કાઢવાનો અથવા ઊભા કરવાનો ઈરાદો રાખવામાં આવ્યો છે તે ;

(૬) વ્યાજના કયા દરે લોન ઊભી કરવા ધાર્યું છે તે;

(૭) કેટલા વર્ષની મુદત માટે નાણાં ઊભાં કરવાના છે અને કઈ પધ્ધતિએ તે નાણાં પાછાં ભરપાઈ કરવાનાં છે તે, જો ડૂબત-ફંડમાંથી લોન ભરપાઈ કરવા ધાર્યું હોય, તો આવા ડૂબત ફંડનાં રોકાણો, વ્યાજના કયા દરે ગણવાના છે તે પણ જણાવવું.

(૮) પંચાયતના ફંડ ખાતેના અગાઉના તમામ વિદ્યમાન ચાર્જોના પત્રક સહિત પંચાયતની નાણાંકીય પરિસ્થિતિનો હિસાબ:—

(ક) હિસાબ આવક બાજુએ સાધારણ મહેસૂલી આવકો જ માત્ર જણાવવી, લોન અથવા થાપણો અથવા ડૂબત ફંડનાં રોકાણો બાકાત રાખવાં તેમજ અસાધારણ સ્વરૂપની બાબતો પણ જરૂર પડે, ત્યારે તે જુદી દર્શાવવી ;

(ખ) ખર્ચની બાજુએ વ્યાજ અથવા દેવું અને ડૂબત ફંડમાં આપેલી રકમોનો સમાવેશ કરવો અને લોન ફંડમાંથી થયેલ તમામ ખર્ચ અને પેશગીઓ અથવા અનામતોની ભરપાઈ થયેલી રકમો બાકાત રાખવી ;

INDEX

(૧) મહેસૂલ અને ખર્ચના હિસાબોમાં અગત્યના ફેરફારો અંગે સમજૂતિ આપવી ;

(૯) જુદા પત્રકમાં છેલ્લા ત્રણ વર્ષની આવક અથવા ખર્ચના પ્રકારના પુરેપુરા વર્ણન સહિત આવક અને ખર્ચની અસાધારણ બાબતો ;

(૧૦) ડૂબત ફંડ માટે દર વર્ષે જુદી રાખવાની હપ્તાની રકમ, કોઈ હોય, તો તે સહિત રાજ્ય સરકાર પાસેથી કે ખુલ્લા બજારમાંથી લીધેલ દરેક લોનની સિલક અલગ પત્રકમાં સ્પષ્ટપણે દર્શાવવી.

૬. અરજીની બીજી નકલ સ્થાનિક ફંડ હિસાબ તપાસનારને મોકલવી : નિયમ ૫ હેઠળ પંચાયત લોન માટે અરજી કરે ત્યારે સદરહુ નિયમની રૂએ જરૂરી હોય તેવી પુરેપુરી વિગતો જણાવતાં પત્રકો સહિત અરજીની બીજી નકલ, અરજી કરવામાં આવી હોય તે જ વખતે, સ્થાનિક ફંડ હિસાબ તપાસનાર, અમદાવાદને સીધી મોકલવી.

૭. લોનની અરજીઓની ચકાસણી કરવા બાબત : નિયમ ૫ હેઠળ કરેલી લોન માટેની અરજી, કોઇપણ પંચાયત મારફત મોકલવામાં આવી હોય, ત્યારે પંચાયતે તેના પર પોતાનો શેરો કરવો જોઈશે.

૮. લોનની અરજીઓ નામંજૂર કરવા બાબત— નિયમ ૫ હેઠળ કરેલી અરજી મળ્યે, જો રાજ્ય સરકારને એમ જણાય કે નાણાં ઊભા કરવાની જરૂર નથી, તો તેણે અરજી નામંજૂર કરવી જોઈશે.

૯. તાકીદની લોનો બાબત : જો રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે આવા કોઈ હેતુ માટે લોનની તાકીદે જરૂર છે, તો તે આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કોઈ હોય, તો તે કર્યા પછી, અરજી મળે એટલે, કોઇપણ સમયે આવી લોન આપી શકશે.

૧૦ સરકારી લોન : પંચાયત સરકારી લોન માટે અરજી રજૂ કરે ત્યારે રાજ્ય સરકાર નીચેની શરતોને આધીન રહીને, લોન આપી શકશે; એટલે કે —

(ક) લોનની મુદત વધુમાં વધુ ૩૦ વર્ષની મુદત કરતા સાધારણ રીતે વધવી જોઇએ નહિ. દરેક લોન રાબેતા મુજબ શક્ય હોય તેટલી ટૂંકી મુદતની રહેશે તેમ છતાં, ખૂબ જ ખાસ કેસોમાં આ નિયમ હળવો કરી શકાશે ;

(ખ) વિધાનસભાઓ તે હેતુ માટે મંજૂર કરેલી ગ્રાન્ટોમાંથી નાણાં ઉપલબ્ધ હોવાં જોઇએ ;

(ગ) લોન ઉપર ભરવાના વ્યાજનો દર, રાજ્ય સરકાર નક્કી કરે તેવો રહેશે; અને

(ઘ) અધિનિયમની કલમો ૧૩૧, ૧૫૫ અથવા ૨૨૩ હેઠળ પંચાયત મેળવી શકે તેવી લોનો, જે હેતુ માટે લોન ઊભી કરવામાં આવત હોય તે હેતુ માટે અપુરતી થશે એવી સરકારને ખાતરી થાય તેવી રીતે પંચાયત બતાવે તે સિવાય પંચાયત, આ નિયમો હેઠળ લોન ઊભી કરવા સક્ષમ ગણાશે નહિ.

૧૧. બિન સરકારી લોન : (૧) જ્યારે પંચાયત બિન-સરકારી લોન માટે અરજી રજૂ કરે ત્યારે રાજ્ય સરકાર અરજી મંજર કરી શકશે, પરંતુ લોનની મુદત વધુમાં વધુ ૩૦ વર્ષની મુદત કરતાં સાધારણ રીતે વધવી જોઈશે નહિ. દરેક લોન રાબેતા મુજબ શક્ય હોય તેટલી ટૂંકી મુદતની રહેશે, તેમ છતાં ખૂબ જ ખાસ કેસોમાં આ નિયમ હળવો કરી શકાશે.

(૨) પેટા-નિયમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, જ્યાં સુધી તે હેતુ માટે સરકારી લોન મળી શકતી હોય ત્યાં સુધી, કોઈ બિન-સરકારી લોન ઊભી કરવા માટે કોઈપણ પંચાયતને પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૨. ઠરાવેલી શરતો : (૧) લોન આપતી વખતે અથવા મંજૂર કરતી વખતે, રાજ્ય સરકાર, અધિનિયમ, અને આ નિયમો સાથે અસંગત ન હોય તેવી, પોતાને યોગ્ય લાગે તેવી કોઈપણ વધુ શરતો નાખી શકે.

(૨) ખાસ કરીને અને પેટા-નિયમ (૧)ની વ્યાપકતાને બાધ આવ્યા વિના, નીચેની શરતે નાખવી, એટલે કે :—

(૧) દરેક લોનના કેસમાં પંચાયતે ગુજરાતના એકાઉન્ટન્ટ જનરલને અને રાજ્ય સરકારને તેના ફંડ સંબંધી અને લોનમાંથી કરેલ ખર્ચ સંબંધી તેઓ ફરમાવે તેવી કોઈપણ માહિતી પૂરી પાડવી જોઈશે.

(૨) સરકારી લોનના કેસમાં રાજ્ય સરકાર, જો તેને એમ લાગે કે લોનના સંબંધમાં ઠરાવેલી શરતો પૈકીની કોઈ શરતનું અથવા આ નિયમોના ફરમાનો પૈકીના કોઈ ફરમાનનું પાલન કરવામાં પંચાયતે કસુર કરી છે, તો કોઈપણ સમયે આદેશ કરી શકશે કે આવી લોન અંગે બીજા નાણાં આપવા નહિ અને અગાઉથી ધીરેલી કોઈ રકમ, તે પરના વ્યાજ સહિત તરત જ ભરપાઈ કરવી.

(૩) બિન-સરકારી લોનના કેસમાં પંચાયતે રાજ્ય સરકારી પૂર્વમંજૂરી વિના જે તારીખોની અંદર લોન અથવા તેનો પહેલો હપ્તો ઊભો કરવાનું મંજૂર કરવામાં આવ્યું હોય તે તારીખોમાં ફેરફાર કરવો નહિ અને જો લોન હપતામાં ઊભી કરવામાં આવી હોય તો પંચાયતે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી માટે, જે તારીખની અંદર દરેક બીજો હપ્તો ઊભો કરવાની હોય તે તારીખ જણાવવી જોઈશે.

INDEX

૧૩. લોન ભરપાઈ કરવામાં ન આવે તો જપ્તી દ્વારા ઈલાજ :—આ નિયમો અનુસાર ઊભા કરેલાં કોઈપણ નાણાં અથવા કોઈપણ વ્યાજ લોનની શરતો અનુસાર ભરપાઈ કરવામાં ન આવે તો રાજ્ય સરકાર, જો તે પોતે શાહુકાર હોય, તો જેના તારણ પર લોન આપવામાં આવી હોય તે ફંડ જપ્ત કરી શકશે અને જો રાજ્ય સરકાર શાહુકાર ન હોય તો, શાહુકારની અરજી પરથી રાજ્ય સરકાર, જેના તારણ પર લોન આપવામાં આવી હોય તે ફંડ જપ્ત કરી શકશે. આવી જપ્તી પછી, રાજ્ય સરકારે આ અર્થે નિયુકત કરેલા અધિકારી સિવાયની કોઈ વ્યકિત, જપ્ત કરેલાં ફંડની કોઈપણ રીતે વ્યવસ્થા કરી શકશે નહિ. પણ, આવો અધિકારી, આવી જપ્તી કરવામાં આવી ન હોત તો નાણાં ઉછીનાં લેનારાઓએ તેના સંબંધમાં જે કૃત્યો કર્યા હોત તેવા તમામ કૃત્યો કરી શકશે અને લોન તથા તમામ વ્યાજ અને જપ્તીને કારણે અને ત્યાર પછીની કાર્યવાહીઓને કારણે થયેલો તમામ ખર્ચ ભરપાઈ કરવા પેટે ઉપજનો ઉપયોગ કરી શકશે :

પરંતુ જે દેવા માટે જપ્ત કરેલાં નાણાં કાયદા અનુસાર અગાઉથી ગીરો મુકવામાં આવ્યા હોય તેવું કોઈ દેવું આવી કોઈપણ જપ્તીથી ડૂબશે નહિ અથવા તેને બાધ આવશે નહિ; પણ ઉપજના કોઈપણ ભાગનો, જે જવાબદારીના સંબંધમાં આવી જપ્તી કરવામાં આવી હોય તે જવાબદારી અદા કરવામાં ઉપયોગ કરવામાં આવે તે પહેલાં તેવા ફંડની ઉપજમાંથી આવો તમામ અગાઉનો ખર્ચ આપવામાં આવશે.

૧૪. જપ્તી પરની કાર્યરીતિ:— રાજ્ય સરકાર નિયમ ૧૩ હેઠળ કોઈપણ ફંડ જપ્ત કરવાનો નિર્ણય કરે ત્યારે નીચેની કાર્યરીતિનું પાલન કરવું ; એટલે કે :—

(ક) રાજ્ય સરકારે પંચાયત દ્વારા આવો ફંડ વસુલ કરવાની કે તેની વ્યવસ્થા કરવાની મનાઈ કરતી અને રાજ્ય સરકાર નિયુકત કરે તેવા અધિકારીને તેનો વહીવટ સોંપતી નોટિસ પંચાયતને આપવી જોઈએ. રાજ્ય સરકારે આવી નોટિસ રાજપત્રમાં અને પોતે યોગ્ય ગણે તેવી રીતે પંચાયતના નિયંત્રણને અધીન વિસ્તારની સ્થાનિક હદમાં પ્રસિધ્ધ કરાવવી જોઈશે.

(ખ) નિયમ ૧૩ હેઠળ રાજ્ય સરકારે નિયુકત કરેલ અધિકારીએ, આવી જપ્તી હેઠળ વસુલ કરેલ અથવા મેળવેલાં નાણાં શાહુકારને ચુકવવા જોઈશે અથવા સરકારી લોનના કેસમાં સરકારી તિજોરીમાં ભરવા જોઈશે.

(ગ) સદરહુ અધિકારીએ, રાજ્ય સરકાર વખતોવખત આદેશ કરે તેવા નમુનામાં એવી રીતે વસુલ કરેલાં નાણાંના અને વસુલ કરવાના ખર્ચના હિસાબો તૈયાર કરવા જોઈશે. તેણે હિસાબોની એક નકલ પંચાયતને આપવી અને એક નકલ રાજપત્રમાં પ્રસિધ્ધ કરાવવી જોઈશે.

૧૫. બિન-ખર્ચાયેલી સિલકો :—જેને માટે પંચાયતે નાણાં ઉભાં કર્યા હોય તે લેવડદેવડનો હિસાબ બંધ કરવાનું કામ પુરું થયે, રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે જે હેતુ માટે નાણાં ઉભાં કરવામાં આવ્યા હોય તે હેતુ માટે તમામ નાણાં ખર્ચવામાં આવ્યાં નથી, તો તેણે નીચે પ્રમાણે આગળ કાર્યવાહી કરવી જોઈશે. :—

(ક) સરકારી લોનના કેસમાં : રાજ્ય સરકારે એવો આદેશ કરવો કે બિન-ખર્ચાયેલી સિલક રાજ્ય સરકારને તરત જ ભરપાઈ કરવી અને તેના જેટલી રકમથી દેવાની મુદ્દલ રકમ ઘટાડવી, રાજ્ય સરકાર લોન ભરપાઈ કરવા માટે નકકી કરેલા હપ્તાઓમાં આ અર્થે પોતાને જરૂરી લાગે તેવા ફેરફારો કરવાનો આદેશ કરી શકશે.

(બ) બિન-સરકારી લોનના કેસમાં : રાજ્ય સરકાર એવો આદેશ કરી શકશે કે બિન-ખર્ચાયેલી સિલકનો પંચાયતનું દેવું કોઈપણ રીતે ઘટાડવામાં અથવા પંચાયતને જે કામ કરવાનો કાયદેસર અધિકાર આપ્યો હોય તેવાં કોઈપણ કામ પૂરાં કરવામાં ઉપયોગ કરવો.

૧૬. સરકારી લોન પર વ્યાજ :—નીચેની જોગવાઈઓ સરકારી લોનો પરના વ્યાજને લાગુ પડશે, એટલે કે :—

(૧) કબુલ કરવામાં આવે તેવા દરે વ્યાજ, રાજ્ય સરકાર નકકી કરે તે પ્રમાણે વાર્ષિક અથવા અર્ધ વાર્ષિક લેવામાં આવશે અને જે તારીખે પંચાયતને આવો હપ્તો મળ્યો હોય તે તારીખથી દરેક હપ્તા પર વ્યાજ ગણીને ભરવામાં આવશે.

(૨) રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તો, એવો આદેશ કરી શકશે તે દર વર્ષે ૧૦ ટકા કરતાં વધારે ન હોય તેટલા ચકવૃધ્ધિ વ્યાજનો શિક્ષાત્મક દર, વ્યાજના અથવા મુદ્દલ અને વ્યાજના તમામ ચઢેલા હપ્તા પર ભરવો.

૧૭. બિન-સરકારી લોનો પર વ્યાજ.— બિન-સરકારી લોન ઉપર વ્યાજ લોન ઊભી કરવાના સમયે નિર્દિષ્ટ કરેલા દરે વાર્ષિક અથવા અર્ધ વાર્ષિક લેવામાં આવશે. અર્ધ વર્ષ સપ્ટેમ્બર મહિનાની ૩૦મી તારીખે અથવા માર્ચ મહિનાની ૩૧મી તારીખે પુરુ થતું હોય તે પ્રમાણે ગણવું અને પંચાયતને જે તારીખે રકમ મળી હોય તે તારીખથી વ્યાજ ગણીને ભરવું ;

પરંતુ, પંચાયત ગ્રામ વીજળીકરણ કાર્યક્રમ હેઠળ પોતાની હકૂમતની અંદરના વિસ્તારોના વીજળીકરણ માટે કોઈ વ્યકિત બેન્ક, સત્તામંડળ અથવા સંસ્થા પાસેથી લોન મેળવે ત્યારે જે તારીખે સમગ્ર લોનની રકમ અથવા લોનનો પ્રથમ હપ્તો પંચાયતને મળે તે તારીખથી દર ત્રણ મહિનાને અંતે પંચાયતે વ્યાજ ભરવુ એમ ફરમાવવાનો આવી વ્યકિત, બેન્ક સત્તામંડળ અથવા સંસ્થાને વિકલ્પ રહેશે.

૧૮. સરકારી લોન પાછી ભરવા બાબત.— રાજ્ય સરકારની પૂર્વ સંમતિથી પંચાયત લોનની શરતોથી નિયત કરેલી મુદત અગાઉ કોઈપણ સમયે પૂરેપૂરી સરકારી લોન અથવા તેનો કોઈ ભાગ પાછો ભરી શકશે.

INDEX

૧૯. સરકારી અને બિન-સરકારી લોન માટેના ડૂબતફંડ .-- જે લોન વર્ષાસન અથવા વાર્ષિક હપ્તાઓ દ્વારા પાછી ભરવા યોગ્ય ન હોય તો પંચાયતે નીચેની રીતે ડૂબત ફંડ સ્થાપવું.-

(૧) રાજ્ય સરકાર નક્કી કરે તેવા ચક્રવૃધ્ધિ ન્યાજના દરે એકત્રિત થતી જે રકમ લોન ભરપાઇ કરવા માટે નિયત કરેલ મુદતની અંદર, તે લોન અદા કરાવવા માટે પુરતી થાય તે રકમ આવા ફંડમાં તેની આવકમાંથી વાર્ષિક કે અર્ધવાર્ષિક ભરવી ;

(૨) રાજ્ય સરકાર અન્યથા આદેશ કરે તે સિવાય, લોન લીધાની અથવા ઊભી કર્યાની તારીખથી એક વર્ષની અંદર તેણે આવી ચુકવણીઓ પૈકી પહેલી ચૂકવણી કરની જોઈશે.

(૩) તેણે, ભારતના જામીનગીરીઓ બાબતના અધિનિયમ, ૧૯૨૦થી વ્યાખ્યા કર્યા પ્રમાણેની સરકારી જામીનગીરીઓમાં અથવા ભારતના ટ્રસ્ટ અધિનિયમ, ૧૮૮૨ ની કલમ ૨૦ના ખંડ (ગ) અથવા (ઘ) માં નિર્દિષ્ટ કરેલી જામીનગીરીમાં તે ડૂબત ફંડનું રોકાણ કરવું જોઈશે.

પરંતુ ખંડ (૧) હેઠળ જે તારીખે ડૂબત ફંડમાં રકમ ભરવા યોગ્ય હોય તે તારીખથી બાર મહિનાની અંદર લોન અથવા લોનનો હપ્તો પાકવાનો હોય, ત્યારે પંચાયત આવી લોન અથવા વ્યાજ ભરપાઈ કરવા માટે જરૂરી હોય તેવી રકમ અથવા તેનો તેવો ભાગ ભારતીય સ્ટેટ બેન્કમાં અનામત મૂકી શકશે,

૨૦. ગુજરાતની પંચાયતોને લોન આપવા બાબતના નિયમો, ૧૯૯૪ આથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ, એન. પરમાર,
સરકારના ઉપસચિવ.

I-A-Ex.133-2

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra N o. 134 REGISTERED NO. G/GN3/1

©



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] WEDNESDAY, NOVEMBER 20, 1996/KARTIKA 29, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART I-A
CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/સન ૧૯૯૫નો ૧૩૯/પીઆરઓન/૧૦૯૪/૧૬૮૯/જે.—ગુજરાત પંચાયત (રાજ્યમાં ગામ પંચાયતોના મંત્રીઓના અને તલાટીઓના પગાર અંગેના તેમજ તેઓની તાલીમ અંગેના ખર્ચને પહોંચી વળવા માટે ઠરાવવાની રકમ) નિયમો, ૧૯૯૫ ઘડતાં નિયમોનો અમુક મુસદ્દો, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૧૯ની પેટા કલમ (૨) ના ખંડ (ક) સાથે વાંચતાં, કલમ ૨૭૪ની પેટા કલમ (૫)થી ઠરાવ્યા પ્રમાણે, તારીખ ૮મી જુન, ૧૯૯૪ના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૧૦૨/પીઆરઓન/૧૦૯૪/૧૧૯૮/જે હેઠળ તારીખ ૮મી જુન, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર, ભાગ--૧એ, ના પાના ૧૨૦--૧ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી તા. ૭મી જુલાઈ, ૧૯૯૫ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા ;

અને સરકારને સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં વાંધા અને સૂચનો મળ્યા નથી ;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮ મા)ની કલમ ૨૧૯ની પેટા કલમ (૨) ના ખંડ (ક) સાથે વાંચતાં, કલમ ૨૭૪ની પેટા--કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે.

૧. ટુંકી સંજ્ઞા.—આ નિયમો ગુજરાત પંચાયત (રાજ્યમાં ગ્રામ પંચાયતોના મંત્રીઓના અને તલાટીઓના પગાર અંગેના તેમજ તેઓની તાલીમ અંગેના ખર્ચને પહોંચી વળવા માટે ઠરાવવાની રકમ બાબતના) નિયમો ૧૯૯૫ કહેવાશે.

૨. ઠરાવવાની રકમ.— ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની રકમ કલમ ૨૧૯ની પેટા કલમ (૧) હેઠળ નક્કી કરેલી રકમમાંથી, રાજ્યમાં ગામ પંચાયતોના મંત્રીઓના અને તલાટીઓના પગાર અંગેના તેમજ તેઓની તાલીમ અંગેના ખર્ચને પહોંચી વળવા માટે ઠરાવવાની રકમ, એવી રીતે નક્કી કરેલી રકમના ૩૫ ટકા જેટલી હોવી જોઈશે.

૩. રદ કરવા બાબત.— તારીખ ૯મી ઓકટોબર, ૧૯૬૪ના ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૯/પી.અ.આર. --૫૨--૬૪--જેએચ--હેઠળ આ અર્થે કરેલા નિયમો આથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આઈ.એન.પરમાર,
સરકારના ઉપ-સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 135 REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] WEDNESDAY NOVEMBER 20, 1996/KARTIKA 29, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—I-A

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/સન ૧૯૯૫નો ૧૪૦/પીઆરઓન/૧૦૯૪/૧૬૧૬/જે.—ગુજરાત પંચાયત (લેણી નીકળતી બાકી રકમ વસૂલ કરવા માટેની ખાસ નોટિસ) નિયમો, ૧૯૯૫ ઘડતા નિયમોનો આમૂક મુસદ્દો, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩૦ની પેટા-કલમ (૧)ના ખંડ (૨) સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૫) થી ઠરાવ્યા પ્રમાણે, તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૯૫ના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૬૯/પીઆરઓન/૧૦૯૪/૮૫૯/જે હેઠળ તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર, ભાગ-૧-એના પાના ૯૩-૧ અને ૯૩-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૧૭મી મે, ૧૯૯૫ સુધીમાં વાંધા અને સૂચના મંગાવવામાં આવ્યા હતા;

અને, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઈ વાંધા અને સૂચનો મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩૦ની પેટા-કલમ (૧)ના ખંડ (૨) સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે :—

૧. **ટૂંકી સંજ્ઞા :** આ નિયમો, ગુજરાત પંચાયત (લેણી નીકળતી બાકી રકમ વસૂલ કરવા માટેની ખાસ નોટિસ) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. વ્યાખ્યા.—આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો:—

(૧) "અધિનિયમ" એટલે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩;

INDEX

(૨) "કલમ" એટલે અધિનિયમની કલમ;

(૩) "પંચાયત" એટલે યથાપ્રસંગ ગામ પંચાયત અથવા તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયત;

(૪) "નમૂનો" એટલે આ નિયમોને જોડેલો ખાસ નોટિસનો નમૂનો.

૩. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૩૦ની પેટા-કલમ (૧)ના ખંડ (૨) હેઠળની ખાસ નોટિસ, આ નિયમોને જોડેલા નમૂનામાં રહેશે અને તે સચિવની સહી હેઠળ આપવી જોઈશે. આવી નોટિસ વ્યવહાર્ય હોય તો, જે વ્યક્તિને તે સંબોધવામાં આવી હોય, તેને રુબરુ પહોંચાડીને અથવા આપીને અથવા એવી વ્યક્તિ મળે નહિ તો, તેના હંમેશના રહેઠાણના સ્થળે મળે તેવા તેના કુટુંબના પુખ્તવયના કોઈ સભ્યને અથવા નોકરને આપીને અથવા સોંપીને બજાવવી જોઈશે. નોટિસ આપી શકાય અથવા સોંપી શકાય તેવી કોઈ વ્યક્તિ ન હોય તો, સામાન્ય રીતે તે વ્યક્તિ જે ઘરમાં રહેતી હોય તેના બહારના દરવાજા ઉપર અથવા સહેલાઈથી દેખાઈ આવે તેવા અન્ય કોઈ ભાગ ઉપર ચોંટાડીને તે બજાવવી જોઈશે. ઉપર્યુક્ત કોઈપણ રીતે ખાસ નોટીસ બજાવવાનું શક્ય ન હોય તો, તે વ્યક્તિ જે ઘરમાં છેલ્લે રહી હોવાનું જણાયું હોય તે ઘરના સહેલાઈથી દેખાઈ આવે તેવા કોઈ ભાગ ઉપર તે નોટિસ ચોંટાડવી જોઈશે અથવા તે વિસ્તારના સ્થાનિક અગ્રિમ ગુજરાતી વર્તમાનપત્રમાં, જાહેર નોટિસ તરીકે પ્રસિધ્ધ કરવી જોઈશે.

૪. ગુજરાત પંચાયત (ખાસ નોટિસની બજવણી) નિયમો, ૧૯૬૯ આથી રદ થાય છે

નમૂનો

ખાસ નોટિસનો નમૂનો

પ્રતિ,

.....ના રહેવાસી શ્રી.....ને

નોટિસ આપવામાં આવે છે કે .....ગામ/તાલુકા/જિલ્લા પંચાયત નીચે વિગતવાર જણાવેલા લેણાં પેટે તમારી પાસેથી લેણી નીકળતી રૂ. ..... પૈસે ..... ની રકમ, જે સન ૧૯..... ના .....એપ્રિલ/ઓગસ્ટ/ડીસેમ્બર મહિના કરતાં વહેલી ચૂકવવા માટે લેણી થઈ છે, પણ આ ખાસ નોટિસ આપ્યાની તારીખ સુધીમાં અથવા તે તારીખ સુધી તમારા તરફથી ભરવામાં આવી નથી, તે માગે છે અને ગામ/તાલુકા/જિલ્લા પંચાયતની લેણી થતી સદરહુ રકમ તમે આ ખાસ નોટિસ બજવ્યાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર નહિ ભરો તો, તમારે તે માટેના પરિણામો ભોગવવા પડશે.

સહી/—

પંચાયત

સેક્રેટરી,
ગામ/તાલુકા/જિલ્લા પંચાયત.

આજ તારીખ.....માહે.....સન ૧૯

લેણી નીકળતી રકમની વિગતો :—અહીં લેણી નીકળતી રકમનો પ્રકાર જણાવવો દા. ત.

(૧) જમીન મહેસૂલ તા.....થી

(૨) તગાવી પેશગી અને તેના જેવી બીજી રકમો .....સુધીની મુદત માટે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આઈ. એન. પરમાર,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 136 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] WEDNESDAY, NOVEMBER 20, 1996/KARTIKA 29, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

P A R T—I-A

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક કેપી/સન ૧૯૯૫ને ૧૫૨/પીઆરઓન/૧૦૯૪/૬૧૫/જે.—ગુજરાત તાલુકા પંચાયત (પીયાવા પર ઉપ-કર વસૂલ કરવાના ખર્ચ) બાબતના નિયમો, ૧૯૯૫ ઘડતાં નિયમોના મુસદ્દો, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૧૯૭ સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)થી ઠરાવ્યા પ્રમાણે, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૫ને ૫૯/પીઆરઓન/૧૦૯૪/૬૮૨-જે, હેઠળ તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર, ભાગ ૧-બીના પાના ૭૬-૧૨ને ૭૬-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૨૨મી પેપ્રિલ, ૧૯૯૫ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને, સદરહુ નિયમોના મુસદ્દા સંબંધમાં સરકારને, લોકો તરફથી કોઈ વાંધા અને સૂચનો મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩, (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૧૯૭ સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે, એટલે કે:—

૧. ટૂંકી સંજ્ઞા.—આ નિયમો ગુજરાત તાલુકા પંચાયત (પીયાવા પર ઉપ-કર વસૂલ કરવાના ખર્ચ) બાબતના નિયમો, ૧૯૯૫ કહેવાશે.

INDEX

૨. વ્યાખ્યાઓ.—આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩;

(ખ) "ઉપ-કર" એટલે અધિનિયમની કલમ ૧૯૩ હેઠળ નાખવા જોગ ઉપ-કર;

(ગ) "કલમ" એટલે અધિનિયમની કલમ.

૩. વસુલ કરવાનો ખર્ચ.—રાજ્ય સરકારે, નીચેના કિસ્સાઓમાં કોઇપણ ગામમાં ઉપ-કર તરીકે વસુલ કરેલી કુલ રકમના પાંચ ટકા જેટલાના ખર્ચ તરીકે કાપી લેવા જોઇશે, એટલે કે—

(ક) ઉપ-કર વસુલ કરવાનું કામ, કલમ ૧૯૮ હેઠળ ગામ પંચાયતને સોંપવામાં આવ્યું ન હોય ત્યારે તે કિસ્સાઓમાં, અને

(ખ) રાજ્ય સરકાર, ઉપ-કર વસૂલ કરવાની સત્તા ગામ પંચાયત પાસેથી કલમ ૧૭૨ હેઠળ પાછી ખેંચી લે, ત્યારે તે કિસ્સાઓમાં.

૪. રદ કરવા બાબત.—ગુજરાત તાલુકા પંચાયત (પીયાવા પર ઉપ-કર વસૂલ કરવાના ખર્ચ) બાબતના નિયમો, ૧૯૬૪ આથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આઈ. એન. પરમાર,
સરકારના ઉપસચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 137 REGISTERED NO. G/GNRA

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] WEDNESDAY, NOVEMBER 20, 1996/KARTIKA 29, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART I-A

CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૮મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક કેપી/સન ૧૯૯૫નો ૧૪૧/પીઆરએન/૧૦૯૪/૧૩૧૬/જ.—ગુજરાત જિલ્લા પંચાયત (જમીન મહેસૂલ પર સ્થાનિક ઉપ-કર વસુલ કરવાનો ખર્ચ) બાબતના નિયમો, ૧૯૯૫ ઘડતા નિયમોનો અમુક મુસદ્દો, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાત ૧૮મા)ની કલમ ૧૯૨ સાથે વાંચતા, કલમ ૨૭૪નીપેટા કલમ (૫) થી ઠરાવ્યા પ્રમાણે, તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૫નો ૬૦/પીઆરએન/૧૦૯૪/૬૮૩-જે, હેઠળ તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર ભાગ-૧-એ, ના પાના ૭૭-૧ અને ૭૭-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૨૩મી એપ્રિલ, ૧૯૯૫ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

અને, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઈ વાંધા અને સૂચનો મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૧૯૨ સાથે વાચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર આથી નીચેના નિયમો કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા.—આ નિયમો, ગુજરાત જિલ્લા પંચાયત (જમીન મહેસૂલ પર સ્થાનિક ઉપ-કર વસુલ કરવાના ખર્ચ) બાબતના નિયમો, ૧૯૯૫ કહેવાશે.

INDEX

૨. વ્યાખ્યાઓ.—આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો :—

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩;

(ખ) "ઉપ-કર" એટલે અધિનિયમની કલમ ૧૯૧ હેઠળ લેવાપાત્ર ઉપ-કર;

(ગ) "કલમ" એટલે અધિનિયમની કલમ.

૩. વસુલ કરવાનો ખર્ચ.—રાજ્ય સરકારે, નીચેના કિસ્સાઓમાં કોઈપણ ગામમાં ઉપ-કર તરીકે વસુલ કરેલી રકમના પાંચ ટકા વસુલાતના ખર્ચ તરીકે કાપી લેવી જોઈએ;—

(ક) ઉપ-કર વસુલ કરવાનું કામ કલમ ૧૬૮ હેઠળ ગામ પંચાયતને સોંપવામાં આવ્યું ન હોય, ત્યારે તે કિસ્સાઓમાં; અને

(ખ) રાજ્ય સરકાર, કલમ ૧૭૨ હેઠળ ગ્રામ પંચાયત પાસેથી ઉપ-કર વસુલ કરવાની સત્તા પાછી ખેંચી લે, ત્યારે તે કિસ્સાઓમાં.

૪. રદ કરવા બાબત.—ગુજરાત જિલ્લાપંચાયત (જમીન મહેસૂલ પર સ્થાનિક ઉપ-કર વસુલ કરવાના ખર્ચ) બાબતના નિયમો, ૧૯૬૪ આથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આઈ. એન. પરમાર,
સરકારના ઉપસચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR

INDEX

Extra No. 138 REGISTERED NO. G/GN-2/3

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol.XXXVII] WEDNESDAY, NOVEMBER 20, 1996/KARTIKA 29, 1918

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-A

CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૫

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/સન ૧૯૯૫નો ૧૪૩/પીઆરએન/૧૦૯૪/૧૬૮૮/જે.- ગુજરાત જિલ્લા પંચાયત (જિલ્લા વિકાસ અધિકારીઓ સત્તા સોંપવા) બાબતના નિયમો, ૧૯૯૫ ઘડતા નિયમોનો અમુક મુસદ્દો, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૮ની પેટા કલમ (૨) અને કલમ ૧૬૨ની પેટા કલમ (૩)ના ખંડ (ક) સાથે વાંચતાં, કલમ ૨૬૨ ની પેટા કલમ (૫) થી ઠરાવ્યા પ્રમાણે, તા. ૩જી જૂન, ૧૯૯૫ના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામાં ક્રમાંક : કેપી/૧૯૯૫ નો ૯૯ પી૨.૨૨ જે/૧૯૯૪/૧૧૮૬-જે, હેઠળ, તા. ૩જી જૂન, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર ભાગ ૧ એના પાના ૧૧૬-૧ અને ૧૧૬-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૨૭ જુલાઈ, ૧૯૯૫ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યાં હતા;

અને, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં કોઈ વાંધા અને સૂચનો સરકારને મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮)ની કલમ ૮ ની પેટા કલમ (૨) અને કલમ ૧૬૨ ની પેટા કલમ (૩) ના ખંડ (ક) સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:—

૧. ટૂંકી સંજ્ઞા.— આ નિયમો, ગુજરાત જિલ્લા પંચાયત (જિલ્લા વિકાસ અધિકારીઓ સત્તા સોંપવા) બાબતના નિયમો, ૧૯૯૬ કહેવાશે.

INDEX

૨. જિલ્લા વિકાસ અધિકારીએ સત્તા સોંપવા બાબત.— જિલ્લા વિકાસ અધિકારીએ, પંચાયત હેઠળ હોદ્દો ધરાવતા નીચેના અધિકારીઓને, તેની સત્તા અને કાર્યો પૈકીની કોઈપણ સત્તા અથવા કાર્ય સોંપવા જોઈએ, એટલે કે:—

(ક) ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટીવ સર્વિસના અધિકારી;

(ખ) રાજ્ય સેવાના વર્ગ ૨ ના અધિકારીના દરજ્જાથી નીચલા દરજ્જાના ન હોય તેવા અધિકારી;

૩. રદ કરવા બાબત અને અપવાદ.— ગુજરાત જિલ્લા પંચાયત (જિલ્લા વિકાસ અધિકારીએ સત્તા સોંપવા) બાબતના નિયમો, ૧૯૭૧ આથી રદ કરવામાં આવે છે પરંતુ એ રીતે રદ કરેલા નિયમો હેઠળ કરેલા કોઈ કાર્યને અથવા લીધેલાં કોઈપણ પગલાંને બાધ આવશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આઈ. એન. પરમાર,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 139 REGISTERED NO. G/GNP/2

©



सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] WEDNESDAY, NOVEMBER 20, 1996/KARTIKA 29, 1918

Separate paging is given to this Part in order that may be filed as a Separate Compilation.

PART—I-A

CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૪થી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૧૬૨/પીઆરએન/૧૦૯૪/૨૪૨૦/જે.-- ગુજરાત પંચાયત (જિલ્લા સમકારી ફંડ) (રોકાણ અને ખાસ ગ્રાન્ટ) બાબતના નિયમો, ૧૯૯૫ ઘડતાં નિયમોનો અમુક મુસદ્દો, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮ મા) ની કલમ ૨૨૧ સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા--કલમ (૫) થી ઠરાવ્યા પ્રમાણે, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૫ નો ૧૧૩/પીઆરએન/ ૧૦૯૪/૧૫૦૬/જે હેઠળ તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર ભાગ--૧એ ના પાના ૧૪૦-૧ થી ૧૪૦-૩ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી ૨૫મી ઓગષ્ટ, ૧૯૯૫ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહું નિયમોના મુસદ્દા સંબંધમાં કોઈ વાંધા અને સૂચનો સરકારને મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૨૧ સાથે વાંચતાં, કલમ ૨૭૪ ની પેટા -કલમ (૧) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે.--

૧. ટૂંકી સંજ્ઞા.-- આ નિયમો ગુજરાત પંચાયત (જિલ્લા સમકારી ફંડ) (રોકાણ અને ખાસ ગ્રાન્ટ) બાબતના નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. વ્યાખ્યા.-- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો.--

(ક) "અધિનિયમ" એટલે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩;

INDEX

(ખ) "પછાત પંચાયત" એટલે, નિયમ ૪ હેઠળ રાખવામાં આવેલી યાદીમાં જે પંચાયતનું નામ દાખલ કરવામાં આવેલ હોય તે પંચાયત ;

(ગ) "નાણાંકીય વર્ષ" એટલે એપ્રિલની ૧લી તારીખે શરૂ થતું વર્ષ;

(ઘ) "ફંડ" એટલે અધિનિયમની કલમ ૨૨૧ ની પેટા-કલમ (૧) હેઠળ સ્થાપવામાં આવેલ જિલ્લા સમકારી ફંડ;

(ચ) "પંચાયત" એટલે યથાપ્રસંગ, ગામ પંચાયત અથવા તાલુકા પંચાયત ;

(છ) "કલમ" એટલે અધિનિયમની કલમ.

૩. ફંડના રોકાણ.-- ફંડની તમામ રકમો, જિલ્લા પંચાયતે આ હેતુ માટે ખોલેલા જિલ્લા વિકાસ અધિકારીના અલગ અંગત ખાતા-વહીના ખાતામાં જમા કરી સરકારી તિજોરીમાં અનામત મૂકવી જોઈશે. આવી રીતે અનામત મૂકેલી રકમમાંથી, ગ્રાન્ટ તરીકે ચુકવણા માટે જરૂરી, ખરેખર રકમ, અંગત ખાતાંવહીના ખાતામાં રાખવી જોઈશે અને બાકીની રકમ જિલ્લા પંચાયતની મુદતી થાપણો તરીકે સર-કારમાં રોકાણ કરવું જોઈશે.

૪. પછાત પંચાયતોની યાદી.-- દરેક જિલ્લા પંચાયતે પોતાના તાબા હેઠળની જે પંચાયતો તેના અભિપ્રાય મુજબ સામાજિક તેમજ આર્થિક રીતે પછાત હોય, તે પંચાયતોની યાદી રાખવી જોઈશે.

૫. પંચાયતે ગ્રાન્ટ મેળવવા માટે અરજી કરવા બાબત.-- (૧) કોઈ વર્ષમાં કોઈ પછાત પંચાયતને ફંડમાંથી ખાસ ગ્રાન્ટ મેળવવાની જરૂર હોય, ત્યારે તેણે, તે અર્થે જિલ્લા પંચાયતને અરજી કરવી જોઇશે.

(૨) આવી અરજીમાં નીચેની બાબતો જણાવવી જોઈશે.--

(ક) જે હેતુ માટે ખાસ ગ્રાન્ટ જોઈતી હોય તે હેતુની વિગતો, અને

(ખ) છેલ્લા નાણાંકીય વર્ષની આખરે પંચાયતની નાણાંકીય સ્થિતિ.

(૩) આવી અરજી, જિલ્લા પંચાયતને વર્ષમાં જુન મહિનાની ૩૦મી પહેલાં પહોંચે તેવી રીતે કરવી જોઈશે ;

પરંતુ આવી અરજી, પીવાના પાણી પુરવઠા માટે પંચાયતે હાથ ધરેલ કોઈ કામ અથવા યોજના માટે નાણાં પૂરાં પાડવા અંગેના ખર્ચને પહોંચી વળવા માટેની હોય, ત્યારે અથવા આવી અરજી, સરકારના કોઈ કાર્યક્રમ હેઠળ ભૂમિહીન મજુરોને ફાળવેલ જમીનના પ્લોટો ઉપર મકાનોના બાંધકામ માટેની કોઈ યોજના માટે પૂરાં પાડવાં અંગેના ખર્ચને પહોંચી વળવા માટેની હોય, ત્યારે પેટા-નિયમ (૩)માં નિર્દિષ્ટ કરેલી તારીખ પુરી થયા પછી, જિલ્લા પંચાયતને આવી અરજી મળે તો પણ, જિલ્લા પંચાયતે, આવી અરજી વિચારણામાં લેવાની ના પાડવી જોઈશે નહિ.

૬. ખાસ ગ્રાન્ટ આપવા બાબત.-- (૧) નિયમ ૫ હેઠળ અરજી મળે, જિલ્લા પંચાયતે અરજીની ચકાસણી કર્યા પછી અને જે હેતુ સારું ખાસ ગ્રાન્ટ માંગવામાં આવી હોય તે હેતુની ઉપયોગિતા તેમજ પંચાયતની ચાલુ નાણાંકીય પરિસ્થિતિ અંગે જાતે ખાતરી કર્યા પછી, ઠરાવ કરીને, જિલ્લા પંચાયત, પોતાને યોગ્ય લાગે તેટલી રકમ ખાસ ગ્રાન્ટ તરીકે પંચાયતને મંજૂર કરી શકશે, પણ આવી રકમ નીચેની રકમ કરતાં વધવી જોઈએ નહિ.

(ક) ગ્રામ પંચાયતના કિસ્સામાં રૂપિયા ૨૫,૦૦૦/--

(ખ) તાલુકા પંચાયતના કિસ્સામાં રૂપિયા ૫૦,૦૦૦/--

પરંતુ કોઈપણ પ્રસંગે જિલ્લા પંચાયતના અભિપ્રાય મુજબ ઉપર્યુકત મર્યાદા કરતાં વધારે રકમ મંજૂર કરવાની જરૂરી હોય તો જિલ્લા પંચાયત, વિકાસ કમિશનરશ્રીની પૂર્વ મંજૂરીથી, તેવી રકમ મંજૂર કરી શકશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ પંચાયતને મંજૂર કરવામાં આવેલી રકમનો ઉપયોગ જિલ્લા પંચાયત નિર્દિષ્ટ કરે તેટલી મુદતની અંદર પંચાયતે કરવો જોઈશે.

(૩) પેટા-નિયમ (૨) હેઠળ નિર્દિષ્ટ કરેલી મુદતની આખરે, પંચાયતે, જિલ્લા પંચાયત સમક્ષ મંજુર થયેલી રકમ અને કઈ રીતે અને કયા હેતુ સારૂ એ રકમનો ઉપયોગ થયો છે તે જણાવતો અહેવાલ રજુ કરવો જોઈશે.

૭. ખાસ ગ્રાન્ટનો ઉપયોગ કરવા બાબત.-- (૧) અધિનિયમની કલમ ૨૨૧ હેઠળ કોઈ ખાસ ગ્રાન્ટ કોઈ પંચાયતને કોઈ નિર્દિષ્ટ હેતુ સારૂ આપવામાં આવે, ત્યારે જે હેતુ સારૂ ગ્રાન્ટ આપવામાં આવી હોય તે સિવાયના બીજા કોઈ હેતુ માટે તેનો ઉપયોગ કરી શકાશે નહિ.

INDEX

(૨) જિલ્લા પંચાયતે નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર, પંચાયત, અંશતઃ અથવા પૂર્ણતઃ ગ્રાન્ટનો ઉપયોગ કરવામાં ચૂક કરે તે કિસ્સામાં, જિલ્લા પંચાયત, પોતાના સ્વવિવેકાનુસાર, ભવિષ્યમાં પંચાયતને મંજુર કરવાની આવી ગ્રાન્ટ પેટે, સદરહું રકમ સરભર કરી શકાશે અથવા તેવી રીતે ઉપયોગ નહિ કરેલી રકમ ફંડમાં પાછી જમા કરાવવા પંચાયતને ફરમાવી શકશે અને પંચાયત આવા ફરમાનનું પાલન કરવા બંધાયેલી રહેશે.

૮. ફંડના હિસાબો રાખવા બાબત.– જિલ્લા પંચાયત ફરમાવે તેવા નમૂનામાં ફંડના હિસાબો રાખવા જોઈશે.

૯. રદ કરવા બાબત અને અપવાદ. — ગુજરાત પંચાયત (જિલ્લા સમકારી ફંડ) (શિકાણ અને ખાસ ગ્રાન્ટ) બાબતના નિયમો, ૧૯૬૪ આથી રદ કરવામાં આવે છે. એ રીતે રદ થવાથી, રદ કરેલા નિયમો હેઠળ કરેલા કોઈ કાર્યને અથવા લીધેલા કે કોઈ પણ પગલાંનો બાધ આવશે નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. બી. વસાવા,
સરકારના ઉપસચિવ.

———

સરકારી મધ્યસ્થ પ્રેસ ગાંધીનગર.

INDEX

Extra No. 140 REGISTERED NO. G/GNR

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] WEDNESDAY, NOVEMBER 20, 1996/KARTIKA 29, 1918

PART—I-A
CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

પંચાયત અને ગ્રામ, ગૃહ નિર્માણ વિભાગ.

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૪થી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૧૬૩/પીઆરએન/૧૦૯૪/૨૪૨૧/જે.—ગુજરાત તાલુકા પંચાયત (તાબાની પંચાયતોને લોન આપવા) બાબતના નિયમો, ૧૯૯૫ ઘડતાં નિયમોનો અમુક મુસદ્દો, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ-૧૩૧ ની પેટા-કલમ (૨) સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા કલમ (૫) થી ઠરાવ્યા પ્રમાણે પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૮મી જુલાઈ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૧૨૧/પીઆરએન/૧૦૯૪/૧૫૧૩/જે. હેઠળ તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૫ ના ગુજરાત રાજપત્ર ભાગ-૧એના પાના ૧૫૦-૧ થી ૧૫૦-૪ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી ૨૭મી ઓગસ્ટ, ૧૯૯૫ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યાં હતા;

અને, સદરહુ નિયમોના મુસદ્દા સંબધમાં કોઈ વાંધા અને સૂચનો સરકારને મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૧૩૧ની પેટા-કલમ (૨) સાથે વાંચતા કલમ ૨૭૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા.—આ નિયમો ગુજરાત તાલુકા પંચાયત (તાબાની પંચાયતોને લોન આપવા) બાબતના નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. વ્યાખ્યાઓ.—આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો :—

(ક) "અધિનિયમ" એટલે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩;

(ખ) "નાણાંકીય વર્ષ" એટલે, એપ્રિલ મહિનાની ૧લી તારીખે શરુ થતું વર્ષ;

(ગ) "ફંડ" એટલે, કલમ ૧૩૪ હેઠળ સ્થાપવામાં આવેલ તાલુકા ફંડ;

(ઘ) "પંચાયત" એટલે, ગામ પંચાયત.

INDEX

૩. કઈ મર્યાદાને આધિન રહીને લોન આપવાની સત્તા વાપરી શકાય.—તાલુકા પંચાયતની તાબાની પંચાયતોને લોન આપવાની તાલુકા પંચાયતની સત્તા નીચેની મર્યાદાઓને આધિન રહેશે :—

(ક) લોન આપવા માટેની જોગવાઈ ફંડમાં હોવી જોઈએ;

(ખ) વિકાસ કમિશનરશ્રીની પૂર્વ મંજૂરીથી હોય તે સિવાય, લોનની રકમ રૂપિયા ૨૦,૦૦૦/-કરતાં વધવી જોઈએ નહિ.

૪. લોન મેળવવાની રીત.—(૧) ફંડમાંથી લોન મેળવવા માગતી પંચાયતે, નીચેની માહિતીવાળી અરજી તાલુકા પંચાયતને રજુ કરવી જોઈશે :—

(૧) જોઈતી લોનની રકમ;

(૨) કયા હેતુ સારૂ લોન જોઈએ છે તે;

(૩) સમગ્ર કામના અથવા લોનની રકમની મદદથી કરવા ધાર્યું હોય તેવાં કામ અથવા તેના ભાગના ખર્ચનો અંદાજ;

(૪) લોનની મદદથી કામ કરવામાં આવે, ત્યારે કામના નિભાવ અંગેનું સરેરાશ વાર્ષિક ખર્ચ અને એ નિભાવ અંગેનું ખર્ચ કેવી રીતે પહોંચી વળવાનું છે તે;

(૫) કઈ મુદતની અંદર અને કેટલા હપ્તામાં લોન પાછી ભરપાઈ કરવા ધાર્યું છે તે;

(૬) ગત વર્ષના અંતે પંચાયતની નાણાંકીય પરિસ્થિતિ દર્શાવતું પત્રક;

(૭) ચાલું વર્ષ માટેનું અંદાજપત્ર;

(૮) જે અંદાજેલી આવકમાંથી લોન પાછી ભરપાઈ કરવાં ધાર્યું છે તે અંદાજેલી આવકમાંથી અંદાજેલ ખર્ચ બાદ કર્યા પછી બાકી રહેલી વધારાની રકમ દર્શાવતું પત્રક;

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કરવામાં આવેલ અરજીને, પંચાયતોના સભ્યોની બહુમતિએ પસાર કરેલા ઠરાવથી ટેકો મળવો જોઈશે.

૫. તાલુકા પંચાયતે લોન આપવા બાબત.—નિયમ-૪ હેઠળ અરજી મળ્યેથી, તાલુકા પંચાયત—

(૧) અરજીની ચકાસણી કર્યા પછી;

(૨) નીચેની બાબતો, એટલે કે—

(ક) જે હેતુ સારુ લોન માંગવામાં આવી હોય તે હેતુની ઉપયોગીતા;

(ખ) પંચાયતની વર્તમાન નાણાંકીય પરિસ્થિતિ; અને

(ગ) લોન પાછી ભરપાઈ કરવાની તેની શકિત; સંબંધી પોતે ખાતરી કર્યા પછી અને

(૩) પોતાને યોગ્ય લાગે તેવી ચોકસી કર્યા પછી, ફંડમાંથી પંચાયતને જે કામ માટે લોન જોઈતી હોય તે કામના અંદાજેલ ખર્ચના ૭૫ ટકા કરતાં વધુ ન હોય તેટલી રકમની લોન આપી શકશે.

૬. લોન પાછી ભરપાઈ કરવાની મુદત.—(૧) આ નિયમો હેઠળ આપવામાં આવેલી દરેક લોન, તે લોન ખરેખર ધીરવામાં આવે તે તારીખથી દસ વર્ષ કરતાં વધુ ન હોય તેટલી મુદતની અંદર અને તાલુકા પંચાયત નક્કી કરે તેવા યોગ્ય વાર્ષિક હપ્તાથી પાછી ભરપાઈ કરવાપાત્ર થશે;

પરંતુ લોન હપ્તાથી ધીરવામાં આવે ત્યારે લોનનો છેલ્લો હપ્તો ખરેખર ભરપાઈ કર્યાની તારીખથી મુદત ગણવી જોઈએ. નાણાંકીય વર્ષના પહેલા છ મહિના દરમ્યાન આપવામાં આવેલી તમામ લોન માટે ૩૦મી સપ્ટેમ્બર, અને નાણાંકીય વર્ષના બીજા છ મહિના દરમ્યાન આપવામાં આવેલી તમામ લોન માટે ૩૧મી માર્ચ હપ્તાની તારીખ ગણાશે.

(૨) પેટા- નિયમ (૧)માં ગમે તે મજકુર હોય તે છતાં,—

INDEX

(ક) પોતે ધીરેલી કોઈપણ લોનના સંબંધમાં તાલુકા પંચાયત, કારણોની લેખિત નોંધ કરીને, લોન પાછી ભરપાઈ કરવાની મુદત પંદર વર્ષ સુધી લંબાવી શકશે;

(ખ) પંચાયત, તાલુકા પંચાયતની મંજૂરીથી, લોનના તમામ અથવા કોઈપણ હપ્તા નિયત તારીખ કરતાં વહેલા ભરી શકશે;

(ગ) યથાપ્રસંગ, લોન અથવા તેનો છેલ્લો હપ્તો ભરપાઈ કર્યાની તારીખથી પ્રથમ ત્રણ વર્ષ માટે, તાલુકા પંચાયત, સંતોષકારક કારણો દર્શાવવામાં આવ્યેથી, પોતાને યોગ્ય લાગે તેવી બોલીઓ અને શરતોએ લોનના કોઈપણ હપ્તાની ચૂકવણી મોકૂફ રાખી શકશે.

૭. લોન પર અને ચઢેલા હપ્તા પર વ્યાજનો દર.—(૧) આ નિયમો હેઠળ ધીરેલી લોન પરનું વ્યાજ, પાંચ ટકા અથવા પ્રવર્તિત બેન્ક દર ઉપર ૧/૨ ટકા લેખે, એ બેમાંથી જે ઓછા હોય તે લેખે, લેવામાં આવશે અને તે વ્યાજ, લોનનો હપ્તો ભરતી વખતે ભરવાજોગ થશે. હપ્તાની નિયત તારીખે યથાપ્રસંગ (૧) વ્યાજ, અથવા (૨) મુદ્દલ, અને વ્યાજ, અથવા (૩) તેનો કોઈપણ ભાગ ભરવામાં પંચાયત કસૂર કરે તે પ્રસંગે યથાપ્રસંગ, લોનન અથવા વ્યાજના અથવા બંનેના લેણા થયેલા હપ્તા પર પાંચ ટકાના વ્યાજ ઉપરાંત દર વર્ષે બે ટકાના દરે વ્યાજ લેવામાં આવશે. અગાઉની લોન ભરપાઈ કરવામાં કસૂર કર્યા પછી, કોઈપણ વધુ લોન આપવામાં આવે તો ગુણદોષ પર દરેક કેસના સંજોગો પ્રમાણે, વ્યાજના દરમાં ફેરફાર કરી શકાશે.

(૨) મુદ્દલમાંથી કોઈપણ હપ્તો ભરવાપાત્ર ન હોય, ત્યારે અથવા આવી ચૂકવણી મોકૂફ રાખવામાં આવી હોય તે પ્રસંગે વ્યાજ ભરવાપાત્ર થશે.

૮. પંચાયતે બાંયધરી આપવા બાબત.—(૧) તાલુકા પંચાયત, પંચાયતને લોન આપવાનો નિર્ણય કરે, તો તાલુકા વિકાસ અધિકારીએ લોનની રકમ અથવા તેનો ભાગ ચુકવવામાં આવે તે પહેલાં, પંચાયત વતી કરી આપવામાં આવેલી બાંયધરી લેવી.

(૨) આવી દરેક બાંયધરી, આ નિયમોને જોડેલી અનુસૂચિમાં ઠરાવેલા નમૂના મુજબ હોવી જોઈએ અને તેના ઉપર પંચાયત વતી—

(૧) ઉપ-સરપંચે અને પંચાયતે અધિકૃત કરેલા બે સભ્યોએ, પંચાયતની કચેરીમાં સરપંચની અને પંચાયતના સેક્રેટરીની હાજરીમાં સહી કરવી જોઈશે, અને

(૨) સરપંચે સંબંધિત તાલુકાના તાલુકા વિકાસ અધિકારીની હાજરીમાં સહી કરવી જોઈશે.

(૩) તાલુકા પંચાયત, પોતાના સ્વવિવેકાનુસાર, નીચેની બાબતો માટે પંચાયતે લેવાનાં પગલાં સંબંધી વધારાની શરતો નાંખી શકશે-

(૧) લોનના હિસાબો પુરા પાડવા અને તેનો યોગ્ય ઉપયોગ કરવા માટે;

(૨) આવક વધારવાના પગલાં લેવા માટે, વેરાની બાકી વસૂલ કરવા માટે, કરકસર કરવા માટે અથવા તેની નાણાંકીય સ્થિતિ સુધારવાના સહાયક પગલાં લેવા માટે;

(૩) જે સેવાઓ માટે કામ હાથ પર લેવામાં આવે તે માટે, પંચાયત સેવા નિભાવી શકે અને વ્યાજ ભરી શકે અને લોન ફરી ભરપાઈ કરી શકે તે માટે, જરૂરી આવક ઉપજવાને પુરતી લાગે તેવા પ્રમાણમાં ફી અથવા ચાર્જનું પ્રમાણ નક્કી કરવા માટે;

(૪) પેટા-નિયમ (૩) હેઠળ નાંખેલી કોઈ પણ વધારાની શરતોનો, તે પેટા-નિયમ હેઠળ આપવાની બાંયધરીમાં સમાવેશ કરવો.

૯. લોન અને વ્યાજનો હિસાબ રાખવાની રીત.—પ્રત્યેક પંચાયતને આપવામાં આવેલી લોન અને તે પર ચઢેલા વ્યાજનો હિસાબ, ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયતોના નાણાંકીય હિસાબો અને અંદાજપત્ર બાબતના નિયમો, ૧૯૯૫થી ઠરાવ્યા પ્રમાણેની રીતે રાખવો જોઈશે.

૧૦. પંચાયતે લોન ફરી ભરપાઈ કરવા માટે પોતાના અંદાજપત્રમાં જોગવાઈ કરવા બાબત.—જે પંચાયત આ નિયમો હેઠળ લોન મેળવતી હોય તે પંચાયતે વ્યાજ સહિત લોન ફરી ભરપાઈ ન થાય ત્યાં સુધી લોનના હપ્તા અને તે પરનું વ્યાજ ભરવા માટે પોતાના અંદાજપત્રમાં દર વર્ષે જોગવાઈ કરવી જોઈશે.

૧૧. રદ કરવા બાબત અને અપવાદ.—ગુજરાત તાલુકા પંચાયત (તાબાની પંચાયતોને લોન આપવા) બાબતના નિયમો, ૧૯૬૮ આથી રદ કરવામાં આવે છે. આવી રીતે રદ કરવાથી, તે રદ કરેલા નિયમો હેઠળ કરેલા કોઈપણ કૃત્યને અથવા લીધેલ કોઈપણ પગલાંને બાધ આવશે નહિ.

INDEX

અનુસુચિ

(નમૂનો)

(જુઓ નિયમ ૮ (૨))

પ્રતિ,

તાલુકા પંચાયત.....

.....તાલુકા

.....તાલુકા/મહાલની.....

ગ્રામ પંચાયતના અમે સરપંચ/ઉપ-સરપંચ અને નીચે સહી કરનાર સભ્યો ગ્રામ પંચાયત વતી.....હેતુ સારુ તાલુકા ફંડમાંથી.....તાલુકા પંચાયતે લોન તરીકે મંજૂર કરેલ.....રૂપિયાની પહોંચ આપીએ છીએ અને નીચેની શરતોને અધિન રહીને પાંચ ટકાના અથવા પ્રચલિત બેન્ક દર ઉપર ૧/૨ ટકાના દરે, એ બેમાંથી જે ઓછા હોય તે દરે, વ્યાજ સહિત.....રૂા. ની લોન.....હપ્તાઓમાં ભરપાઈ કરવાની પંચાયત વતી બાંયધરી આપીએ છીએ,—

૧. (૧) કોઈપણ હપ્તાની નિયત તારીખે યથાપ્રસંગ, (ક) વ્યાજ અથવા (ખ) મુદ્દલ અને વ્યાજ, અથવા (ગ) તેનો કોઈપણ ભાગ ભરવામાં પંચાયત કસૂર કરે ત્યારે યથાપ્રસંગ લોનના અથવા વ્યાજના અથવા તે બંનેના લેણાં થયેલા હપ્તા પર ઉપર્યુકત પાંચ અથવા ૧/૨ ટકાના દર ઉપરાંત દર વર્ષે બે ટકાના દરે વ્યાજ લેવામાં આવશે;

(૨) જે હેતુ સારુ લોન લેવામાં આવી હોય તે હેતુ સારુ લોનની રકમનો ઉપયોગ કરવો જોઈએ;

(૩) જે કામ માટે લોન લેવામાં આવી હોય તે કામ પુરું થયા પછી લોનની રકમમાંથી કોઈપણ સિલક બાકી રહે, તો તે, લોનની રકમ ભરપાઈ કરવા પેટે પાછી આપવી;

(૪) પંચાયતે લોન અને તે ઉપરના વ્યાજનો હપ્તો ભરવા માટે અંદાજપત્રમાં દર વર્ષે જોગવાઈ કરવી જોઈએ—

(અહી નિયમ ૮ હેઠળ નાંખેલી કોઈપણ વધારાની શરતો નિર્દિષ્ટ કરવી)

૨. ઉપર્યુકત બાંયધરી ઉપર ઉપ-સરપંચે અને પંચાયતે અધિકૃત કરેલા બે સભ્યોએ સરપંચની અને પંચાયતના સેક્રેટરીની હાજરીમાં અને સરપંચે.....તાલુકાના તાલુકા વિકાસ અધિકારીની હાજરીમાં પંચાયતની કચેરીમાં સહી કરી છે અને પંચાયતને તે બંધનકર્તા છે.

તારીખ :

સહી :

સરપંચ

ઉપ-સરપંચ.

તાલુકા વિકાસ અધિકારી

ગ્રામ પંચાયતના સભ્યો.

તાલુકા પંચાયત,
તાલુકા
જિલ્લો :

ગુજરાતના રાજ્યપાલકીના હુકમથી અને તેમના નામે,

કે. બી. વસાવા,
સરકારના ઉપ-સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 141 REGISTERED NO. G/GNR/2.

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL- XXXVIIJ WEDNESDAY, NOVEMBER 20, 1996/ KARTIKA 29, 1918

Separate paging is given to this Part is order that it may be filed as a separate compilation.

PART—I-A

CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫ નો ૧૬૫/પીઆરએન/૧૦૯૪/૨૫૯૬/જ.—ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (વેરા અને ફી નાખવા માટેની નોટિસ અને નિયમોની પ્રસિધ્ધિ) નિયમો, ૧૯૯૫ ઘડતાં નિયમોનો અમુક મુસદ્દો, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ ના ગુજરાતના ૧૮ મા) ની કલમ ૨૧૨ સાથે વાંચતા,. કલમ ૨૭૪ની પેટા--કલમ (૫) થી ઠરાવ્યા પ્રમાણે, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના તારીખ : ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૫ ના સરકારી જાહેરનામા ક્રમાંક :કેપી/૧૯૯૫ ના ૧૩૨/પીઆરએન/૧૦૯૪/૧૬૮૭/જે હેઠળ તારીખ ૨૨મી ઓગસ્ટ ૧૯૯૫ ના ગુજરાત રાજપત્ર ભાગ--૧--એ ના પાના ૧૫૪-૧ અને ૧૫૪--૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫ સુધીમાં વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા ;

અને, સદરહું નિયમોના મુસદ્દા સંબંધમાં કોઈ વાંધા અને સૂચનો સરકારને મળ્યાં નથી ;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ ના ગુજરાતના ૧૮ મા) ની કલમ ૨૧૨ સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા--કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:—

INDEX

૧. ટૂંકી સંજ્ઞા:—આ નિયમો "ગુજરાત તાલુકા અને જીલ્લા પંચાયત (વેરા અને ફી નાખવા માટેની નોટિસ અને નિયમોની પ્રસિધ્ધિ) બાબતના નિયમો, ૧૯૯૫" કહેવાશે.

૨. વ્યાખ્યા:—આ નિયમોમાં, સંદર્ભ પરથી અન્યથા અપેક્ષિત ન હોય તો—

(૧) "અધિનિયમ" એટલે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ;

(૨) "નમૂનો" એટલે આ નિયમોને જોડેલો કોઈ નમૂનો ;

(૩) "પંચાયત" એટલે—

(ક) તાલુકા પંચાયતે કોઈ વેરો અથવા ફી લેવાના કિસ્સામાં, તાલુકા પંચાયત ;

(ખ) જિલ્લા પંચાયતે કોઈ વેરો અથવા ફી લેવાના કિસ્સામાં, જિલ્લા પંચાયત ;

(૪) "કલમ" એટલે અધિનિયમની કોઈ કલમ ;

(૫) "ગામના ચોરા" માં, મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ અથવા રાજ્યના કોઈપણ ભાગમાં અમલમાં હોય તેવા તે સંબંધી તત્સમાન કોઈ કાયદા હેઠળ ચોરા તરીકે ગણાતા હોય તેવા સ્થળનો સમાવેશ થાય છે.

૩. ઠરાવમાં નિર્દિષ્ટ કરવાની બીજી બાબતો:—કલમ–૨૧૨ ની પેટા–કલમ (૧) હેઠળ કોઈ ઠરાવમાં, જે વિસ્તારની અંદર, જે તારીખથી અને જે મુદત માટે ઠરાવામાં જણાવેલો વેરો અથવા ફી નાખવી જોઈશે તે વિસ્તારની હદ. તે તારીખ અને તે મુદત, કોઈ હોય તો તે પણ નિર્દિષ્ટ કરવાં જોઈશે.

૪. કલમ ૨૧૨(૨) હેઠળ નોટિસ સહિત નિયમો પ્રસિધ્ધ કરવા બાબત.—(૧) કલમ ૨૧૨ ની પેટા–કલમ (૨) હેઠળની નોટિસ નમૂના "ક" પ્રમાણે હોવી જોઈશે.

(૨) નમૂના–ક પ્રમાણેની નોટિસ સહિતના નિયમો—

"(ક) તાલુકામાં અથવા, યથાપ્રસંગ, જિલ્લામાં ઠીક ઠીક મોટો ફેલાવો ધરાવતા એક વર્તમાનપત્રમાં,

(ખ) કોઈ સહેલાઈથી દેખાઈ આવે તેવા પંચાયતની કચેરીમાં અને એવી રીતે પ્રસિધ્ધ કરેલા નિયમોથી જેને અસર થતી હોય તેવા દરેક ગામના ચોરાના સ્થળમાં પણ તેની એક નકલ ચોંટાડીને પ્રસિધ્ધ કરવા";

૫. ફેરબંધારણ કરેલા નિયમો પ્રસિધ્ધ કરવા બાબત.—કલમ ૨૧૨ હેઠળ મંજુર કરેલા તમામ નિયમો, નિયમ ૪ ના પેટા–નિયમ (૨) ના ખંડ(ક)અને(ખ)માં નિર્દિષ્ટ કરેલી રીતે પ્રસિધ્ધ કરવા.

૬. રદ કરવા બાબત અને અપવાદ.—ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત (વેરા અને ફી નાખવા માટેની નોટિસ અને નિયમોની પ્રસિદ્ધિ) બાબતના નિયમો, ૧૯૬૩ આથી રદ કરવામાં આવે છે. આવી રીતે રદ કરવાથી, તે રદ કરેલા નિયમો હેઠળ કરેલા કોઈપણ કૃત્યને અથવા લીધેલ કોઈ પણ પગલાંને બાધ આવશે નહિ.

નમૂનો ક

(જુઓ નિયમ ૪ (૧)

.....તાલુકા/જિલ્લાના રહેવાસીઓને આથી, નોટિસ આપવામાં આવે છે કે .....
તાલુકા/જિલ્લા પંચાયત, (મંજુર કરેલા નિયમોના .....પાને પ્રસિદ્ધ થયેલા..... તરીકે ઓળખાતા વેરાને બદલે) આ સાથે જોડેલા નિયમોમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો વેરો/ફી લેવાની ઈચ્છા રાખે છે.

સૂચિત વેરા/ફી સામે વાંધો ઉઠાવનાર .....તાલુકા/જિલ્લાનો કોઈપણ રહેવાસી, નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર, ...તાલુકા/જિલ્લા પંચાયતને પોતાના વાંધા લેખિત મોકલી શકશે.

નિયમો

(કલમ ૨૧૨ ની પેટા–કલમ (૨) હેઠળ પંચાયતે સૂચવેલા નિયમો અહીં જોડવા.)


ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
કે. બી. વસાવા,
સરકારના ઉપ-સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR

INDEX

Extra No. 142 REGISTERED NO. G/GNR/2.





The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL- XXXVII] WEDNESDAY, NOVEMBER 20, 1996/ KARTIKA 29, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—I-A

CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩:

ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૧૬૬/પીઆરઓન/૧૦૯૪/૨૫૯૮/જે.-- ગુજરાત પંચાયત (પંચાયતની જગા અને મિલકતના આનધિકૃત ભોગવટા) બાબતના નિયમો, ૧૯૯૫ ઘડતાં નિયમોનો આમૂક મુસદ્દો, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૨૬૯ સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા કલમ (૫) થી ઠરાવ્યા પ્રમાણે, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગનો તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૧૨૦/પીઆરઓન-૧૦૯૪/૧૫૧૨/જે, ઉપર તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર ભાગ ૧-એ ના પાના ૧૪૯-૧ અને ૧૪૯-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી ૨૭મી ઓગષ્ટ, ૧૯૯૫ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં;

અને, સદરહુ નિયમોના મુસદ્દા સંબંધમાં કોઈ વાંધા અને સૂચનો સરકારને મળ્યાં નથી;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૨૬૯ સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે.--

૧. ટૂંકી સંજ્ઞા.-- આ નિયમો ગુજરાત પંચાયત (પંચાયતની જગા અને મિલકતના આનધિકૃત ભોગવટા) બાબતના નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. વ્યાખ્યા.-- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો.-

(૧) "અધિનિયમ" એટલે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩;

(૨) "પંચાયત" એટલે, યથાપ્રસંગ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયત ;

(૩) "કલમ" એટલે, અધિનિયમની કલમ;

INDEX

૩. કલમ ૨૬૯ની પેટા-કલમ (૨) હેઠળ ચુકવવાપાત્ર રકમ આકારતી વેળા, પંચાયતે, નીચેની બાબતો ધ્યાનમાં લેવી જોઈશે,--

(૧) વ્યકિતના અનધિકૃત ભોગવટામાં જગા કેટલી મુદતથી હતી તે;

(૨) પંચાયતે જગા ભાડે આપી હોત, તો જે ભાડું પંચાયતને પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલી મુદત માટે ચુકવવાપાત્ર થાત તે ભાડાની રકમ; અને

(૩) સદરહું મુદત દરમ્યાન જગાને કંઈ પણ નુકશાન થયું હોય, તો તે:

૪. (૧) કલમ ૨૬૯ની પેટા-કલમ (૧) હેઠળ ચુકવવાપાત્ર રકમ, સદરહું પેટા-કલમ (૧) હેઠળ રકમ ચુકવવા માટે જવાબદાર વ્યકિતને, નમૂના 'ક'માં નોટિસ આપ્યા પછી અને તેને સુનાવણીની તક આપ્યા પછી નક્કી કરવામાં આવશે.

(૨) રકમ ચુકવવાને જવાબદાર વ્યકિત, હાજર ન રહે, તો પંચાયત, તેની ગેરહાજરીમાં રકમ નક્કી કરશે.

૫. નિયમ ૪ હેઠળ આવી રીતે નક્કી થયેલી રકમ ચુકવવાને જવાબદાર વ્યકિત, રકમ ન ચૂકવે, તો પંચાયત, સદરહું રકમની વસુલાત માટે, અધિનિયમની કલમ ૨૧૫ ની જોગવાઈઓ અનુસાર જરૂરી પગલું લઈ શકશે.

૬. રદ કરવા બાબત અને અપવાદ.--ગુજરાત પંચાયત (પંચાયતની જગા અને મિલ્કતનો અનધિકૃત ભોગવટા) નિયમો, ૧૯૬૪ આથી રદ કરવામાં આવે છે. એ રીતે રદ થવાથી, રદ કરેલા નિયમો હેઠળ કરેલા કોઈ કાર્યને અથવા લીધેલા કોઈપણ પગલાને બાધ આવશે નહિ.

નમૂનો--ક

(જુઓ નિયમ ૪ (૧)

પ્રતિ,

... ...

Extra No. 143 REGISTERED NO. G/GNR/

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol.XXXVII] WEDNESDAY, NOVEMBER 20, 1996/KARTIKA 29, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART I-A

CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-A) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક કેપી/૧૯૯૫નો ૧૬૭/પીઆરએન/૧૦૯૪/૨૫૯૭/જે.—ગુજરાત પંચાયત (બાંધકામોના, વિકાસ યોજનાના અમલ, સહાયક-ગ્રાન્ટ અને મિલકત સંપાદન કરવા) બાબતના નિયમો, ૧૯૯૫ ઘડતાં નિયમે ને અમુક મુસદો, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૪૧ સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેપી/૧૯૯૧ને ૬૧/પીઆરએન/૧૦૯૪/૯૨૫/જે થેલ તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર ભાગ-૧-એના પાના ૭૮-૧ થી ૭૮૪ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી ૨૨મી એપ્રિલ, ૧૯૯૫ સુધીમાં વાંધા અથવા સૂચને મંગાવવામાં આવ્યા હતા;

અને, સદરહુ નિયમોના મુસદ્દા સંબંધમાં લોકો પાસેથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૪૧ સાથે વાંચતા કલમ ૨૭૪ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા.—આ નિયમો, "ગુજરાત પંચાયત (બાંધકામોના, વિકાસ યોજનાઓના અમલ, સહાયક ગ્રાન્ટ અને મિલકત સંપાદન કરવા) બાબતના નિયમો, ૧૯૯૫" કહેવાશે.

૨. વ્યાખ્યા.—આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો :

(૧) "અધિનિયમ" એટલે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩;

(૨) "કલમ" એટલે અધિનિયમની કલમ;

INDEX

(૩) "પંચાયત" એટલે ગામ પંચાયત, તાલુકા પંચાયત અથવા યથ પ્રસંગ જિલ્લા પંચાયત;

(૪) "યોગ્ય સત્તાધિકારી" એટલે આ નિયમોના હેતુ માટે આ નિયમે માં નિર્દિષ્ટ કરેલ યોગ્ય સત્તાધિકારી.

૩. બાંધકામના પ્લાન અથવા વિકાસ યોજનાને મંજુર કરવા માટે યોગ્ય સત્તાધિકારી.—(૧) કોઈ પંચાયતે હાથ ધરવાના બાંધકામ અથવા વિકાસ યોજના અંગેના ખ ની રકમ, સદરહુ જે તે અંદાજેલી ખર્ચની રકમ સામે આ પેટા નિયમને જોડેલા કોષ્ટકના કોલમ ૩માં નિર્દિષ્ટ કરેલા પ્રકારના બાંધકામના સંબંધમાં, સદરહું કોષ્ટકના કોલમ ૧ માં નિર્દિ ટ કરેલ જે તે સત્તા ધિકારીઓ સામે સદરહુ કોષ્ટકના કોલમ ૨ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે અંદાજવામાં આવે, તો સદરહુ સત્તાધિકારીઓ આવા બાંધકામના પ્લાન અથવા વિકાસ યોજના મંજુર કરવાને સક્ષમ રહેશે.

કોષ્ટક

સત્તાધિકારીઓ	અંદાજેલી ખર્ચની રકમ.	બાંધકામનો પ્રકાર.
૧	૨	૩
૧. સંબંધિત પંચાયત સબ-ડિવિઝનના ડેપ્યુટી એન્જિનિયર.	રૂા. ૨૦,૦૦૦/-થી વધુ નહિ.	તમામ પ્રકારના બાંધકામો.
૨. સંબંધિત પંચાયત ડિવિઝનના એકઝીકયુટીવ એન્જિનિયર	અનુક્રમાંક-૧ની સામે આ કોલમની નોંધોમાં નિર્દિ ટ કરેલી રકમથી વધારે પણ રૂા. એક લાખથી વધારે નહિ.	તમામ પ્રકારના બાંધકામો.
૩. રાજ્યના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગનાં જાહેર આરોગ્ય વર્તુળના સુપ્રિન્ટેન્ડીંગ એન્જિનિયર.	રૂા એક લાખથી વધારે પણ રૂા. બે લાખથી વધારે નહિ.	માર્ગ અને મકાનોને લગતાં બાંધકામો.
૪. રાજ્યના માર્ગ અને મકાન વિભાગના સુપ્રિન્ટેન્ડીંગ એન્જિનિયર.	(૧) રૂા. એક લાખથી વધારે પણ રૂા. ત્રણ લ ખથી વધારે નહિ.	(૧) માર્ગ અને મકાનોને લગતા બાંધકામો.
	(૨) રૂા. એક લાખથી વધારે પણ રૂા. પાંચ લાખથી વધારે નહિ.	(૨) નાની સિચાઈ અને પુર નિયંત્રણ બાંધકામો.
	૩ રૂા. એક લાખથી વધારે પણ રૂા. ત્રણ લાખથી વધારે નહિ.	(૩) ઉપરની બાબતો (૧) અને (૨)માં, અ ને અનુક્રમાંક ૩ના કોલમ ૩માં નિર્દિષ્ટ કર્યા હોય તે સિવાયના તમામ બાંધકામો.
૫. રાજ્યના ચિફ એન્જિનિયર.	અનુક્રમાંક ૩ અને ૪ની સ મે, અ કોલમની નોંધોમાં નિર્દિ ટ કરેલી વધારેમાં વધારે રકમથી વધાર હોય તેવી રકમ.	તમામ પ્રકારના બાંધકામો.

(૨) પેટા-નિયમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, વિદ્યમાન બાંધકામની મરામત કરવાના અથવા તેને વિસ્તૃત કરવાનાં બાંધકામના પ્લાન મંજુર કરવાને સક્ષમ હોય તેવ સત્તાધિકારી, જો આવા બાંધકામની મરામત અથવા તેને વિસ્તૃત કરવા અંગે અંદાજેલો અર્થ ;

(૧) ગામ પંચાયતના કિસ્સામાં, પાંચ હજાર પાંચસો રૂપિયાથી,

(૨) તાલુકા પંચાયતના કિસ્સામાં દશ હજાર રૂપિયાથી,

(૩) જિલ્લા પંચાયતના કિસ્સામાં વીસ હજાર રૂપિયાથી વધારે ન હોય તો સંબંધિત પંચાયત પોતે જ રહેશે.

૪. બાંધકામ અથવા વિકાસ યોજનાને પ્રથમ મંજુરી આપવાને યોગ્ય સત્તાધિકારી.—સંબંધિત પંચાયતે તેના કાર્યો અને ફરજોના ભાગ રૂપે હાથ પર લેવા ધારેલ કોઈપણ બાંધકામ અથવા વિકાસ યોજનાની શરુઆત કરવા માટે, તે અર્થે ઠરાવ પસાર કરીને, પૂર્વ મંજૂરી આપવાનો યોગ્ય સત્તાધિકારી ગણાશે.

INDEX

૫. સહાયક ગ્રાન્ટ આપવા અંગેની પૂર્વ મંજુરી આપવાના યોગ્ય સત્તાધિકારી.—આ નિયમો, જોડેલા કોષ્ટકના કોલમ ૧ના નિર્દિષ્ટ કરેલા વર્ગની પંચાયતે આપવાની સહાયક ગ્રાન્ટ મંજુરી આપવાના હેતુ માટે સદરહુ કોષ્ટકના કોલમ ૨માં સંબંધિત વર્ગની પંચાયતો સામે નિર્દિષ્ટ કરેલા સત્તાધિકારી જો સહાયક ગ્રાન્ટની રકમ સદરહું કોષ્ટકના કોલમ ૩ અથવા યથાપ્રસંગ કોલમ ૪માં તેની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે હોય તો આવી પૂર્વ મંજુરી આપવા માટે સક્ષમ રહેશે.

કોષ્ટક

પંચાયતનો વર્ગ	સત્તાધિકારી	સહાયક ગ્રાન્ટની રકમ	
		આવર્તક	અનાવર્તક
૧	૨	૩	૪
૧. ગ્રામ પંચાયત	સંબંધિત ગ્રામ પંચાયત	રૂા. ૫૦૦/થી વધારે ન હોય.	રૂા. ૧૦૦૦/થી વધારે ન હોય.
	સંબંધિત તાલુકા પંચાયત	રૂા. ૫૦૦થી વધારે પણ રૂા. ૫૦૦૦થી વધારે ન હોય,	રૂા. ૧૦૦૦થી વધારે પણ ૧૦,૦૦૦થી વધારે ન હોય.
	સંબંધિત જિલ્લા પંચાયત	રૂા. ૫૦૦૦થી વધારે પણ રૂા. ૧૦,૦૦૦ થી વધારે નહિ.	રૂા. ૧૦,૦૦૦થી વધારે પણ રૂા. ૨૦,૦૦૦થી વધારે ન હોય.
	રાજ્ય સરકાર	રૂા. ૧૦,૦૦૦ થી વધારે.	રૂા. ૨૦,૦૦૦થી વધારે.
૨. તાલુકા પંચાયત	સંબંધિત તાલુકા પંચાયત	રૂા. ૫૦૦૦ થી વધારે નહિ.	રૂા. ૧૦,૦૦૦થી વધારે નહિ.
	સંબંધિત જિલ્લા પંચાયત	રૂા. ૫,૦૦૦ થી વધારે પણ રૂા. ૧૦,૦૦૦થી વધારે ન હોય.	રૂા. ૧૦,૦૦૦થી વધારે પણ રૂા. ૨૦,૦૦૦થી વધારે ન હોય.
	રાજ્ય સરકાર	રૂા. ૧૦,૦૦૦થી વધારે.	રૂા. ૨૦,૦૦૦થી વધારે.
૩. જિલ્લા પંચાયત	સંબંધિત જિલ્લા પંચાયત	રૂા. ૧૦,૦૦૦થી વધારે ન હોય.	રૂા. ૨૦,૦૦૦થી વધારે ન હોય.
	રાજ્ય સરકાર	રૂા. ૧૦,૦૦૦થી વધારે.	રૂા. ૨૦,૦૦૦થી વધારે.

૬. મિલકત સંપાદન કરવાને પૂર્વ મંજૂરી આપવાને યોગ્ય સત્તાધિકારી .— આ નિયમને જોડેલા કોષ્ટકના કોલમ ૧માં નિર્દિષ્ટ કરેલી વર્ગની પંચાયતે, મિલકત સંપાદન કરવાની પૂર્વમંજૂરી આપવાના હેતુઓ માટે સદરહું કોષ્ટકના કોલમ ૨ માં સંબંધિત વર્ગની પંચાયત સામે, નિર્દિષ્ટ કરેલ સત્તાધિકારી જો સંપાદન કરવાની મિલકતની કિંમત સદરહું કોષ્ટકના કોલમ ૩માં તેની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે હોય, તો તેવી પૂર્વમંજુરી આપવાને સક્ષમ રહેશે.

કોષ્ટક

પંચાયતનો વર્ગ	સત્તાધિકારી	કિંમત
૧	૨	૩
૧. ગ્રામ પંચાયત	સંબંધિત ગ્રામ પંચાયત	રૂા. ૧૦,૦૦૦ થી વધારે ન હોય.
	સંબંધિત તાલુકા પંચાયત	રૂા. ૧૦,૦૦૦ થી વધારે પણ રૂા. ૫૦,૦૦૦થી વધારે નહિ.
	જિલ્લા પંચાયત	રૂા. ૫૦,૦૦૦ થી વધારે પણ રૂા. ૧,૦૦,૦૦૦ થી વધારે નહિ.

INDEX

૧	૨	૩
	રાજ્ય સરકાર	રૂા. ૧,૦૦,૦૦૦ થી વધારે.
૨. તાલુકા પંચાયત.	સંબંધિત તાલુકા પંચાયત	રૂા. ૧,૦૦,૦૦૦ થી વધારે નહિ.
	જિલ્લા પંચાયત	રૂા. ૧,૦૦,૦૦૦ થી વધારે પણ રૂા. ૨,૦૦,૦૦૦ થી વધારે નહિ.
	રાજ્ય સરકાર	રૂા. ૨,૦૦,૦૦૦ થી વધારે.
૩. જિલ્લા પંચાયત.	સંબંધિત જિલ્લા પંચાયત.	રૂા. ૩,૦૦,૦૦૦ થી વધારે નહિ.
	રાજ્ય સરકાર	રૂા. ૩,૦૦,૦૦૦ થી વધારે.

૭. રદ કરવા બાબત.--ગુજરાત પંચાયત (બાંધકામોના, વિકાસ યોજનાઓના અમલ, સહાયક ગ્રાન્ટ અને મિલકત સંપાદન કરવા) બાબતના નિયમો, ૧૯૬૮ આથી, રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. બી. વસાવા,
સરકારના ઉપસચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR

Extra No. 144 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] WEDNESDAY, NOVEMBER 20, 1996/KARTIKA 29, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART I-A

CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

પંચાયત અને ગ્રામ નિર્માણ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫ નો ૧૬૮/પીઆરએન/૧૦૯૪/૨૬૦૦/જ.—ગુજરાત પંચાયત (પદાધિકારીઓને માનવેતન) બાબતના નિયમો, ૧૯૯૫ ઘડતાં નિયમોનો અમુક મુસદ્દો ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ--૬૫ની પેટા-કલમ (૧), કલમ--૭૯ની પેટા--કલમ(૧), કલમ--૧૨૪, કલમ--૧૪૭ની પેટા કલમ (૧) અને કલમ--૧૪૮ની પેટા--કલમ(૧) સાથે વાંચતા, કલમ ૨૭૪ ની પેટા--કલમ (૫) થી ઠરાવ્યા પ્રમાણે, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૮મી જુલાઈ, ૧૯૯૫ ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૫ નો ૧૨૨/પીઆરએન--૧૦૯૪/૧૫૧૫--જે હેઠળ તારીખ ૨૮મી જુલાઈ, ૧૯૯૫ ના ગુજરાત રાજપત્ર ભાગ--૧--એ ના પાના ૧૪૬--૧ અને ૧૪૬--૨ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી ૨૬મી ઓગસ્ટ, ૧૯૯૫ સુધીમાં વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં ;

અને સદરહું નિયમોના મુસદ્દા સંબંધમાં કોઈ વાંધા અને સૂચનો સરકારને મળ્યાં નથી;

તેથી હવે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૬૫ ની પેટા--કલમ (૧), કલમ ૭૯ ની પેટા--કલમ (૧), કલમ ૧૨૪, કલમ ૧૪૭ ની પેટા--કલમ (૧) અને ૧૪૮ ની પેટા--કલમ (૧) સાથે વાંચતાં, કલમ ૨૭૪ ના પેટા--કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:—

૧. ટૂંકી સંજ્ઞા.—આ નિયમો, 'ગુજરાત પંચાયત (પદાધિકારીઓને માનવેતન) બાબતના નિયમો, ૧૯૯૫' કહેવાશે.

૨. વ્યાખ્યા.—આ નિયમોમાં, વિષય અથવા સંદર્ભથી કંઈપણ વિરુદ્ધનું ન હોય તો:—

INDEX

(ક) "અધિનિયમ" એટલે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩;

(ખ) "પદાધિકારીઓ" એટલે, અધિનિયમની કલમ ૬૫, ૭૯, ૧૨૪, ૧૪૭ અને ૧૪૮ હેઠળ જેને માનવેતન આપવાપાત્ર થાય છે તેવા તાલુકા પંચાયતના પ્રમુખ, જિલ્લા પંચાયતના પ્રમુખ, તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ, જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના અધ્યક્ષ અને સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ.

૩. દરેક પદાધિકારીને નીચેના દરે માનવેતન ચુકવવામાં આવશે:—

(૧)	તાલુકા પંચાયતના પ્રમુખ	દર મહિને રૂા. ૧,૦૦૦/-
(૨)	જિલ્લા પંચાયતના પ્રમુખ	દર મહિને રૂા. ૧,૫૦૦/-
(૩)	તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ	દર મહિને રૂા. ૭૫૦/-
(૪)	જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના અધ્યક્ષ.	દર મહિને રૂા. ૧,૦૦૦/-
(૫)	જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ	દર મહિને રૂા. ૧,૦૦૦

૪. રદ કરવા બાબત.—ગુજરાત પંચાયત (પદાધિકારીઓને માનવેતન) બાબતના નિયમો, ૧૯૯૦ આથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. બી. વસાવા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 145 REGISTERED NO. G/GN/1/2

© सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] WEDNESDAY, NOVEMBER 20, 1996/KARTIKA 29, 1918

Separate paging is given to this Part in order that may be filed as a Separate Compilation.

PART—I-A

CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર. ૧૮મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૫.

ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૧૬૯/પીઆરએન ૧૦૯૪/૨૫૯૯/જે.— ગુજરાત પંચાયત (પંચાયતની અપીલીય સત્તા) નિયમો, ૧૯૯૫ ઘડતાં નિયમોનો અમુક મુસદો, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮ મા)ની કલમ ૯૨ની પેટા કલમ (૧૦), કલમ ૧૨૩ની પેટા-કલમ (૧૨) અને કલમ-૧૪૫ની પેટા કલમ (૧૩) સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા કલમ (૫) થી ઠરાવ્યા પ્રમાણે, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગનાં તારીખ ૨૮મી જુલાઈ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેપી/૧૯૯૫નો ૧૨૩/પીઆરએન/૧૦૯૪/૧૫૧૪/જે હેઠળ તારીખ ૨૮મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્રભાગ-૧-એના પાના ૧૪૭૭-૧ અને ૧૪૭૭-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો. અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૫ સુધીમાં વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં ;

અને સદરહું નિયમોના મુસદા સંબંધમાં કોઈ વાંધા અને સૂચનો સરકારને મળ્યાં નથી.

તેથી, હવે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮ મા)ની કલમ ૯૨ના પેટા કલમ (૧૦), કલમ-૧૨૩ની પેટા-કલમ (૧૨) અને કલમ-૧૪૫ની પેટા-કલમ (૧૩) સાથે વાંચતાં, કલમ ૨૭૪ ની પેટા-કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી નીચેના નિયમો કરે છે:—

૧. ટુંકી સંજ્ઞા— આ નિયમો ગુજરાત પંચાયત (પંચાયતની અપીલ સત્તા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. વ્યાખ્યા:— આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો,—

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ;

(ખ) "સમિતિ" એટલે સંબંધિત પંચાયતની સમિતિ ;

INDEX

(ગ) "સંબંધિત પંચાયત" એટલે——

(૧) ગામ પંચાયતની સમિતિના નિર્ણય ઉપરની અપીલની બાબતમાં, તે ગામ પંચાયત,

(૨) તાલુકા પંચાયતની સમિતિના નિર્ણય ઉપરની અપીલની બાબતમાં, તે તાલુકા પંચાયત,

(૩) જિલ્લા પંચાયતની સમિતિના નિર્ણય ઉપરની અપીલની બાબતમાં, તે જિલ્લા પંચાયત,

(ઘ) "કલમ" એટલે અધિનિયમની કલમ.

૩. અપીલ થઈ શકે તેવા વર્ગના કેસો.—સમિતિના નિર્ણયથી નારાજ થયેલી કોઈ વ્યકિત, આવા નિર્ણય કારણે તેને કોઈ આર્થિક નુકશાન ભોગવવું પડતું હોય અથવા આર્થિક નુકશાન થવાનો સંભવ હોય તો તે, સંબંધિત પંચાયતને અપીલ કરી શકશે.

૪. રદ કરવા બાબત અને અપવાદ.— ગુજરાત પંચાયત (પંચાયતની અપીલીય સત્તા) નિયમો, ૧૯૭૧ આથી રદ થાય છે. આવી રીતે રદ થવાથી, તે રદ કરેલ નિયમો હેઠળ કરેલ કોઈ પણ કૃત્ય અથવા લીધેલ કોઈ પણ પગલાંને બાધ આવશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. બી. વસાવા,
સરકારના ઉપ–સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR

INDEX

Extra No. 146 REGISTERED NO. G/GNR/4

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] WEDNESDAY, NOVEMBER 20, 1996/KARTIKA 29, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART I-A

CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૮મી ડીસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૧૭૦/પીઆરઓન/૧૦૯૪/૨૫૯૫/જે:—ગુજરાત પંચાયત (વેરા અને બીજા લેણાની વસુલાત) બાબતના નિયમો, ૧૯૯૫ ઘડતા નિયમોનો અમુક મુસદ્દો, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮માં)ની કલમ ૨૧૫ સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા કલમ (૫)થી ઠરાવ્યા પ્રમાણે પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૮૧/પીઆરઓન/૧૦૯૪/૮૬૦/ જે હેઠળ તારીખ ૭મી એપ્રિલ ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર ભાગ-૧ એના પાના ૯૧-૧ થી ૯૧-૪ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી ૬ઠ્ઠી મે, ૧૯૯૫ સુધીમાં વાંધા અથવા સુચનો મંગાવવામાં આવ્યા હતાં,

અને સદરહુ નિયમોના મુસદ્દા સબંધમાં કોઈ વાંધા અને સૂચનો સરકારને મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૧૫ સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા કલમ-૧ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે:

૧. ટૂંકી સંજ્ઞા.— આ નિયમો ગુજરાત પંચાયત (વેરા અને બીજા લેણાંની વસુલાત) બાબતના નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. વ્યાખ્યા.— આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો.

INDEX

(ક) " અધિનિયમ" એટલે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩;

(ખ) "અધિકૃત અધિકારી" એટલે નિયમ-૫ હેઠળ વોરન્ટ બજાવવાને પંચાયતે અધિકૃત કરેલો કોઈ અધિકારી;

(ગ) "લેણું" એટલે, અધિનિયમ અથવા તે હેઠળના નિયમો હેઠળ પંચાયતની કોઈ વ્યકિત પાસે લેણું થતો કોઈ વેરો અથવા ફી અથવા બીજી કોઈ રકમ;

(ઘ) "નમૂનો" એટલે આ નિયમો સાથે જોડેલો નમૂનો;

(ચ) "કલમ" એટલે અધિનિયમની કલમ.

૩. માંગણીના હુકમનો નમુનો:— કલમ ૨૧૫ની પેટા કલમ (૩) હેઠળ કસુર કરનાર પર બજાવવાનો માંગણીનો હુકમ નમુના "ક" પ્રમાણે હોવો જોઈએ.

૪. જપ્તીનું વોરંટ.—કલમ ૨૧૫ ની પેટા કલમ (૫) હેઠળ, પંચાયત તેમાં ઉલ્લેખેલ રકમ જપ્તીથી અને જંગમ મિલકતનું વેચાણ કરીને લેવાનો નિર્ણય કરે ત્યારે, નમૂના "ખ" હેઠળ જપ્તીનું વોરંટ કાઢી આપવામાં આવશે.

૫. જપ્તીના વોરન્ટ ઉપર સહી કરવા અને તે બજાવવા બાબત.—આવા દરેક વોરન્ટ ઉપર સરપંચે અથવા ઉપ-સરપંચે, પ્રમુખે અને ઉપ-પ્રમુખે સહી કરવી જોઈશે અને પંચાયત આ અર્થે અધિકૃત કરે તેવા અધિકારીએ તે બજાવવું જોઈશે.

૬. કસુર કરનારના માલ અથવા સરસામાનની જપ્તી.— અધિકૃત અધિકારીએ, કસુર કરનાર તરીકે વોરન્ટમાં જણાવેલી વ્યકિતનો કોઈ માલ અથવા સરસામાન, જ્યાં મળે ત્યાં જપ્ત કરવો;

પરંતુ :—

(ક) (૧) કસુર કરનારનાં, તેની પત્ની તેમજ બાળકોનાં જરૂરી પહેરવાનાં કપડાં, રાંધવાના વાસણો અને ધાર્મિક રિવાજ પ્રમાણે કોઈપણ સ્ત્રી ઉતારી ન શકે તેવાં અંગત ઘરેણાં બિછાના અને પાથરણાં.

(૨) કારીગરોનાં ઓજારો ;

(૩) કસુર કરનાર ખેડૂત હોય તો તેનાં ખેતીનાં ઓજારો, બિયારણ, અનાજ અને તે પોતાની આજીવિકા મેળવી શકે તે માટે જરૂરી હોય તેવાં ઢોર, જપ્ત કરવા નહિ.

(ખ) જપ્ત કરાયેલી મિલ્કત લગભગ વોરન્ટ હેઠળ વસુલ કરવાની રકમની કિંમત જેટલી હોવી જોઈશે અને જપ્ત કરવામાં આવેલી મિલ્કત વિગત ૫ હેઠળ વોરન્ટ ઉપર સહી કરવાને અધિકૃત કરેલ વ્યકિતના અભિપ્રાય પ્રમાણે, જપ્ત કરવી જોઈતી નહોતી એમ લાગે, તો જપ્તીના સમયે આવી મિલકત જે વ્યકિતના કબજામાં હતી તે વ્યકિતને તે તરત જ પાછી આપવી.

૭. જપ્ત કરાયેલા માલ અને સરસામાનની યાદી અને વેચાણ માટેની નોટિસ.— અધિકૃત અધિકારીએ જે માલ અને સરસામાન આવા વોરન્ટ હેઠળ જપ્ત કર્યો હોય તેની યાદી તરત જ તૈયાર કરવી અને સાથે સાથે જે વ્યકિતના કબજામાં આવી મિલકત કે સરસામાન જપ્ત કર્યો હોય તે વ્યકિતને નમૂના "ગ" પ્રમાણે એવી મિલકતની વેચાણ નોટિસ આપવી કે જો તે નોટિસ આપ્યાની તારીખથી સાત દિવસની અંદર પંચાયતની કચેરીમાં નોટિસ હેઠળ વસુલ કરવાની રકમ તેમજ વસુલાતનો ખર્ચ ભરવામાં ચુક કરે, તો સદરહું માલ અને સરસામાન વેચવામાં આવશે;

પરંતુ અધિકૃત અધિકારીએ જપ્ત કરેલી મિલકત ખસેડવી નહિ, પણ કસુર કરનાર જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે જપ્ત કરેલી મિલકત રજુ કરવા માટે, જપ્ત કરેલી મિલકત ની કિંમત જેટલી રકમ માટે તારણ આપે તો તેણે આવી મિલકત કસુર કરનાર પાસે રહેવા દેવી ;

વધુમાં, જપ્ત કરેલી મિલ્કત જલદીથી અને કુદરતી રીતે બગડી જાય તેવી હોય, ત્યારે અથવા વસુલ કરવાની રકમ સહિત તેને કસ્ટડીમાં રાખવાના ખર્ચ તેની કિંમત કરતાં વધુ થવાનો સંભવ હોય, ત્યારે જે વ્યકિતએ વોરન્ટ ઉપર સહી કરી હોય તે વ્યકિતએ જપ્ત કરતી વખતે જેના કબજામાં મિલકત હતી તે વ્યકિતને તરત જ એવી મતલબની નોટિસ આપવી કે આવી મિલકત મેકદમ વેચવામાં આવશે અને વોરન્ટમાં સ્પેસ્ટ કરેલી રકમ તરત જ ભરવામાં આવે તે સિવાય તે તદ્નુસાર વેચવી.

વધુમાં મિલકત જપ્ત કરવામાં આવે ત્યારે પછી અને તે ખસેડવામાં આવે તે પહેલાં હુકમ વોરન્ટની બજવણી અને મિલકતની જપ્તીની આનુસાંગિક તમામ ખર્ચ સહિત કસુર કરનાર પાસે લેણી નીકળતી રકમ ભરવામાં આવે તો અધિકૃત અધિકારી એ જપ્તી ઉઠાવી લેવી.

૮. વેચાણ માટે નોટિસની નકલ પંચાયતની કચેરી પર ચોંટાડવા બાબત.— નિયમ ૭ હેઠળ આપેલી નોટિસની નકલ પંચાયતની કચેરી પર ચોંટાડવી.

૯. જપ્ત કરેલ માલ અને સરસામાનની હરાજી.— જપ્ત કરેલ માલ અને સરસામાનનું વેચાણ નિયમ ૭ હેઠળ બજાવેલી નોટિસમાં જણાવેલી મુદત પુરી થયા પછી, પંચાયત દ્વારા પંચાયતની કચેરીમાં જાહેર હરાજીથી કરવામાં આવશે.

INDEX

પરંતુ પંચાયતના (સેક્રેટરી સહિત) કોઈપણ નોકર અથવા પદધારીને હરાજીમાં હોડ બકવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૦. વધારાના વેચાણ ઉપરનો નિકાલ કરવા બાબત.— પંચાયતના લેણાં ભરપાઈ કર્યા પછી જપ્ત કરેલ માલની વેચાણ ઉપજની વધારાની, રકમ, કોઈ હોય તો તે જપ્તીના સમયે જેના કબજામાં માલ અને સરસામાન હતાં તે વ્યકિતને આપવી.

૧૧. માંગણીના હુકમ માટેની ફી.— કલમ ૨૧૫ની પેટા કલમ (૨) હેઠળ કાઢેલ માંગણાના દરેક હુકમની ફીની માંગણી કરેલા કુલ રકમના ૪ ટકાના દરે લેવામાં આવશે.

૧૨. જપ્તી માટેની ફી.— કલમ ૨૧૫ ની પેટા કલમ (૫) હેઠળ મુકવામાં આવેલ દરેક જપ્તી માટેની ફી, જેને માટે જપ્તી બેસાડવામાં આવે તેવા રૂા. ૫/...ની દરેક રકમ અથવા તેના ભાગ માટે રૂા. ૧/- ના દરે લેવામાં આવશે.

૧૩. પશુધન નિભાવવાનો ખર્ચ.— કલમ ૨૧૫ ની પેટા કલમ (૬) (ગ) હેઠળ જપ્ત કરેલ કોઈપણ પશુધન નિભાવવાનો ખર્ચ, નીચેના દરે લેવામાં આવશે.—

(૧) દરેક હાથી દીઠ	દરરોજના ૧૦૦.૦૦
(૨) દરેક ઉંટ અથવા ભેંસ -પાડા દીઠ	દરોજના ૪૦.૦૦
(૩) દરેક ઘોડા, ઘોડી, ખસી કરેલ ટટ્ટુ, ખુંટ, બળદ અથવાગાય દીઠ	દરરોજના ૨૦.૦૦
(૪) દરેક વછેરાં, વછેરી, વાછરડો, વાછરડી, અચ્ચર અથવા ગધેડાદીઠ	દરરોજના ૧૦.૦૦
(૫) દરેક મેંઢો, મેંઢી, ડુક્કર, પઠ્ઠી, ઘેટાં, ઘેટું, બકરો, બકરી અથવા તેના અચ્ચર બચ્ચા દીઠ.	દરરોજના ૧૦.૦૦

સ્પષ્ટીકરણ:— આ નિયમના હેતુઓ માટે વછેરાં અથવા વછેરી જ્યારે તે ત્રણ વર્ષની ઉંમર પુરી કરે ત્યારે ઘોડા અથવા ઘોડી તરીકે ગણાશે અને વાછરડા જ્યારે તે વાછરડાને જન્મ આપે ત્યારે તે ગાય તરીકે ગણાશે.

૧૪. રદ કરવા બાબત:— ગુજરાત પંચાયત (વેરા અને બીજા લેણાંની વસુલાત) બાબતના નિયમો, ૧૯૬૩ આથી રદ કરવામાં આવે છે.

નમુનો—૬

માંગણીના હુકમનો નમૂનો

(જુઓ નિયમ-૩)

પ્રતિ,

ક.જા.....ના રહેવાસીને નોટિસ આપવામાં આવે છે કે .....ની ગ્રામ/તાલુકા જિલ્લા પંચાયત સને ૧૯.....ના મહિનામાં.....તારીખે શરૂ થતી અને સન.....ના માહિનાની.....તારીખે પૂરી થતી.....ની મુદત માટે.....(અહીં.....ના સંબંધમાં યથા પ્રસંગ, અધિનિયમ અથવા નિયમો અથવા ઉપ-નિયમો હેઠળ પંચાયતના વેરાના પ્રકાર અથવા લેણી થતી રકમ જણાવવા)ને અંગે.....પાસેથી લેવાની.....ની રકમ .....પાસેથી માંગે છે અને જો આ હુકમની બજવણીની તારીખથી ત્રીસ દિવસની અંદર સદરહુ રકમ તેમજ આ માગણીના હુકમ માટેની ફી તરીકે રૂા. .....પૈસા.....સમયે પંચાયતની ક્ચેરીમાં ભરવામાં ન આવે તો, અથવા આવી રકમ ન ભરવા બદલ પંચાયતને ખાતરી થાય તેવું પુરતું કારણ દર્શાવ્યું ન હોય તો ખર્ચ સહિત તે રકમ વસુલ કરવા માટે જપ્તીનું વોરન્ટ કાઢવામાં આવશે.

આજ તારીખ.....માહ.....સન ૧૯.....ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયતના હુકમથી,

(સહી).....

સરપંચ (અથવા યથાપ્રસંગ, ઉપ-સરપંચ)
પ્રમુખ, (અથવા યથાપ્રસંગ ઉપપ્રમુખ),

INDEX

નમુનો ખ

જપ્તીના વોરંટનો નમુનો.

(જુઓ નિયમ ૪)

(અહીં જેને વોરંટ બજાવવાનું સોંપ્યું હોય તે અધિકારીનું નામ દાખલ કરવું)

.....ગ્રામ/તાલુકા/જિલ્લાના ક. ખ. કે જેણે હાંસિયામાં જણાવેલ .....વેરા /ફી ના પેટે લેણી નીકળતી રૂ.....ની જે રકમ માટે માંગણી હુકમ તેના/તેણી પર સન .....ના મહિનાની.....તારીખે બજાવવામાં આવ્યો હતો તે રકમ ભરી નથી અથવા તે ન ભરવા બદલ મને ખાતરી થાય તેવી રીતસરનું કારણ રીતે પરંતુ કારણ દર્શાવ્યું નથી.

અને સદરહુ રકમ માટે માંગણીનો હુકમ તેની/તેણી પર બજાવ્યાના ત્રીસ દિવસ પુરા થયા છે.

(૧) નીચે પ્રમાણે તેની પાસે લેણી નીકળતી રકમ પેટે.....ની રકમનો સદરહુ ક. ખ. નો માલ અને સરસામાન જપ્ત કરવાનો તમને હુકમ કરવામાં આવે છે:—

સદરહુ વેરા/ફી પેટે ..... રૂ. .....પૈસા

માગણીના હુકમની બજવણી માટે .....

કુલ.....

(૨) અને આ વોરંટ સહિત તમને તે મુજબ જપ્ત કરેલ માલની તમામ વિગતો મારી સમક્ષ તરત જ પ્રમાણિત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ.....માહે.....સને ૧૯

સહી.....

સરપંચ (અથવા યથાપ્રસંગ ઉપ સરપંચ)

પ્રમુખ (અથવા યથા પ્રસંગ ઉપ પ્રમુખ)

નમુનો—ગ.

યાદીનો નમુનો અને નોટિસ

(જુઓ નિયમ ૭)

પ્રતિ,

ક. ખ.....ના રહેવાસી ને નોટિસ આપવામાં આવે છે કે મેં માંગણીના હુકમની બજવણી માટેની ફી તરીકે લેવાના રૂ.....સહિત હાંસિયામાં જણાવેલી.....વેરા/ફી પેટે લેણી નીકળતી રકમ પેટે.....કિમતનો માલ અને સરસામાન આ દિવસે જપ્ત કર્યો છે, જે નીચે જણાવેલી યાદીમાં નિર્દિષ્ટ કર્યો છે. અને આ નોટિસની તારીખથી સાત દિવસની અંદર તમે.....ની પંચાયતની કચેરીમાં.....સમયે વસુલાતના ખર્ચ સહિત સદરહુ રકમ નહિ ભરો તો સદરહુ માલ અને સરસામાન વેચવામાં આવશે.

આજ તારીખ.....માહે.....સન૧૯.....

વોરંટ બજાવનાર અધિકારીની સહી

યાદી

(જે જપ્ત થયેલા માલ અને સરસામાનની વિગતો જણાવવી)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. બી. વસાવા,
સરકારના ઉપ સચિવ.

સરકાર: મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 147 REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL- XXXVIII] FRIDAY, NOVEMBER 29, 1996/ AGRAHAYANA 8, 1918

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—I-A

CENTRAL SECTION

Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.

PANCHAYATS AND RURAL HOUSING DEPARTMENT

Order

Sachivalaya, Gandhinagar, 29th November, 1996.

GUJARAT PANCHAYATS ACT, 1993.

No. KP/71/96/Chatan/1096/2837/G.–WHEREAS the term of village panchayats shown in column 4 of the Schedule appended hereto as to expire on the date shown against them in column 5 of the said Schedule.

